MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 ● અંક : 39 ● સળંગ અંક : 475 ● મુંબઈ ● શુક્રવાર ● તા.25 ઓક્ટોબર – 31 ઓક્ટોબર 2019 ● પાના : 40 ● કિંમત રૂ.4




New Leadership, New Vision
for a better GHATKOPAR
PARAG SHAH
CongratulationS
VIKAS KAMAT
GEN. SEC. BJP, NORTH EAST MUMBAI DISTRICT

MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર




Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 ● અંક : 39 ● સળંગ અંક : 475 ● મુંબઈ ● શુક્રવાર ● તા.25 ઓક્ટોબર – 31 ઓક્ટોબર 2019 ● પાના : 40 ● કિંમત રૂ.4

# ૫૩,૩૧૯ મતના માર્જીનથી પરાગ શાહની ઐતિહાસીક જીત

**જતીન કોઠારી**

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઘાટકોપર(ઈસ્ટ) બેઠક અત્યંત રસપ્રદ રહી હતી જેમાં વધુ એક કારણ ઉમેરાયું છે તે છે ભાજપના ઉમેદવાર પરાગ શાહની ૫૩,૩૧૯ જંગી મતોના લીડ માર્જીનથી વિજયી, વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ગત અંકમાં પરાગ શાહ ઈતિહાસ રચી નવો રેકોર્ડ સ્થાપિત કરશે તેવા સમાચાર પ્રકાશિત કરાયા હતા જેને મતદાતાઓએ વોઈસ ઓફ ઘાટકોપરનો એક્ઝિટ પોલ પણ જણાવેલ. વર્ષ ૧૯૭૨માં કોંગ્રેસના વિષ્ણુનારાયણ ત્રિપાઠી ૫૦,૦૦૬ મતના માર્જીનથી જીત્યા હતા જે રેકોર્ડ આજે ૪૭ વર્ષ બાદ પરાગ શાહના નામે થયો છે. વધુ એક રેકોર્ડ જે ૧૯૯૫માં મા.વિધાનસભ્ય પ્રકાશ મહેતાના નામે ૮૨,૦૦૦ મતો મેળવવાનો હતો તેની સામે પરાગ શાહ આ વખતે ૭૩,૦૫૪ મત મેળવી શક્યા હતા જેથી પ્રકાશ મહેતાનો તે રેકોર્ડ હજુ અકબંધ છે.



બીજી બાજુ ઘાટકોપર (વે)થી ભાજપના રામ કદમ પ્રથમ વખત ઓછા માર્જીનથી જીત્યા છે તેઓને ૭૦,૨૬૩ મત મળ્યા હતા અને અપક્ષ લડી રહેલ સંજય ભાલેરાવ એ તેમને જબરદસ્ત ટક્કર આપી હતી અને ૪૧,૪૭૪ મત મેળવી એક સમયે અમુક મત ગણતરીના રાઉન્ડ દરમ્યાન પોલીટીકલ પંડીતોને પણ માર્જીન નજીક આવી જતા વિચારતા કરી દીધા હતા પણ દયાવાન ડેશીંગ આમદાર જીતવામાં સફળ રહ્યા હતા. ઘાટકોપરમાં બન્ને સ્થળે ભાજપની જીત નક્કી જ હોવાથી સવારથી જ ઉત્સાહનો માહોલ, હોળીમાં ગુલાલ ઉડે તેમ અને દિવાળીમાં મિઠાઈઓ વિતરીત થાય તેમ માહોલ નિર્માણ થયો હતો. સંપૂર્ણ રાજ્યમાં ભાજપ-શિવસેના સરકારની ફરી સ્થાપના ઘાટકોપર સહિત તમામ માટે નવા વિકાસના સોપાનો સર કરનાર સાબિત થશે તેઓ મતદાતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(ઘાટકોપર ઈસ્ટ અને વેસ્ટ વિધાનસભાથી ઉભા રહેલ ઉમેદવારોને મળેલ મતોની વિગતો જુઓ પાના નં.૧૨ અને ૧૩)







MAHAVIR ®
ESTATE CONSULTANTS
MAHARERA APPROVED BROKERS
Residential and Commercial
Property Dealers
in and around Ghatkopar
Manish D. Vora: 9820144859 / 9324339343
Parag D. Vora: 9820131207
Harsh M. Vora: 9920034963
Office No. 110, 1st Floor, Near Bank Of India, M.G. Road, Ghatkopar(W), Mumbai - 400 086



JEWELURE
By Niraj Doshi
WISHING YOU
A VERY HAPPY & PROSPEROUS
Dhanteras and Diwali
• Silver Articles • 92.5 Silver Jewellery • Lifestyle Jewellery • Jewel Idols
• 99.9 Silver Coins • 99.5 and 99.9 Gold Coins • Italian Silver Plated Gift Articles
Zest Business Space (ZBS), M.G. Road, Next to RBL Bank, Ghatkopar (E),
Mumbai- 77 | T: 022 25010154/55 | E: niraj@jewelure.co.in | W: www.jewelure.co.in


સૌને દિપાવલીની શુભેચ્છા
અને નૂતન વર્ષાભિનંદન
શ્રી પરાગભાઈ શાહ આપને
વિધાનસભા પદ માટે
ભવ્ય વિજય બદલ શુભકામના
ઘાટકોપર માટે આપ શ્રેષ્ઠત્તમ કાર્યો કરી વધુને વધુ નામના મેળવો....
શુભેચ્છક : મનોજ અજમેરા
અજમેરા ગ્રુપ - મેનેજીંગ ડાયરેક્ટર

# જલારામ મંદિર ભટવાડી ઘાટકોપરમાં જલારામ જયંતિની ઉજવણીનું આયોજન



ઘાટકોપર (વેસ્ટ) બર્વેનગર-ભટવાડી વિસ્તારમાં આવેલ શ્રી જલારામ મંદિરમાં દિવાળી પર્વના પાવન પ્રસંગે ગુરૂવાર તા. ૨૪-૧૦-૨૦૧૯ થી મંગળવાર તા. ૨૯-૧૦-૨૦૧૯ (કારતક સુદ બીજ) સુધી રોજ સવારના ૬.૦૦ કલાકે 'દીપ-માળા' સહિત મંગળા આરતી કરવામાં આવશે.

સંવત ૨૦૭૬ કારતક સુદ સાતમ, તા. ૩-૧૧-૨૦૧૯ રવિવારના સંત શિરોમણી પ.પૂ. શ્રી જલારામબાપાની ૨૨૦મી જન્મજયંતીનો ઉત્સવ અતિ ઉત્સાહથી ઉજવવામાં આવશે. સવારના ૬.૩૦ કલાકે શ્રી જલારામબાપાની દિવ્યતમ આરતી-સ્તુતી-ચાલીશા પાઠ સવારના ૭.૩૦ કલાકે બર્વેનગર-ભટવાડીના પરા વિસ્તારમાં બેંડબાજા સહિત સુશોભિત રથમાં શ્રી જલારામબાપાની પૂજાની મૂર્તિ સાથે શોભાયાત્રા ફેરવવામાં આવશે. ૧૧.૦૦ કલાકે અ.સૌ. રેખાબેન અશ્વિન દામજી ખીલાણી પરિવારના હસ્તે મંદિરના શિખર ઉપર ચઢાવવામાં આવશે ત્યાર પછી ભાવિક ભક્તો દ્વારા સમુહ આરતી કરવામાં આવશે. બપોરના ૧૨.૩૦ કલાકે પ્રસાદ રૂપી ભોજન. બપોરના ૩.૦૦ કલાકે મહિલા મંડળો દ્વારા ભજનકિર્તન, સાંજના ૪.૦૦ કલાકે રવિભાણ સંપ્રદાય દરિયાસ્થાન મંદિર-રાપર (વાગડ) કચ્છના સંત શ્રી ત્રિકાલદાસજી મહારાજની મધુરવાણીમાં સત્સંગ પ્રવચન-આર્શિવાદ. સાંજના ૬.૦૦ કલાકે સંધ્યા આરતી ત્યાર પછી મહાપ્રસાદ. સાંજના ૭.૩૦ કલાકે વૈશાલી કારાણી-સિધ્ધ શ્રી આર્ટ પ્રસ્તુત ભક્તિમય-સંગીતનો સુંદર કાર્યક્રમ નીરવ બોરોટ, સંગીતાબેન લાબડીઆ અને સાથી કલાકારો રજુ કરશે.

આ રૂડા અવસરનો અનેરો લાભ લેવા સૌને સ્નેહભર્યુ આમંત્રણ છે.

## ઘાટકોપરનું આગવું નજરાણું જ્વેલ ગ્રુપ ઘાટકોપરને મેમ્બરશીપ રિન્યુઅલ માટે શ્રેષ્ઠ પ્રતિસાદ

જ્વેલ ગ્રુપ ઘાટકોપર E/W

ઘાટકોપરમાં અલગ અને અવ્વલ દરજ્જાનું ગ્રુપ-જ્વેલ ગ્રુપ ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટનું વર્ષ ૨૦૨૦ માટે મેમ્બરશીપ રિન્યુઅલ શરૂ થયા બાદ ટૂંક સમયમાં શ્રેષ્ઠ પ્રતિસાદ મળ્યો છે અને આગામી વર્ષ માટે જૂજ સીટો બાકી છે. વર્ષ ૨૦૧૯માં ૨૨ કાર્યક્રમો અને તેમા પણ ૬ કાર્યક્રમો ડિનર સાથે ગ્રુપ દ્વારા આપવામાં આવતા ખૂબ ચાહના મેળવેલ. ચેરમેન જીતેન્દ્ર મહેતા અને કારોબારી કમિટી ઉત્કૃષ્ટ કાર્યક્રમો આપવા કાર્યરત છે. વધુ માહિતી અને મેમ્બરશીપ મેળવવા સંપર્ક - ૯૮૨૧૦૫૧૯૭૫.




## શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથ શ્વે.મૂ.તપ જૈન સંઘ શ્રી અજાહરા પાર્શ્વધામ, ઘાટકોપર(વેસ્ટ)

શ્રી અજાહરા પાર્શ્વધામ ખાતે રવિવાર તા.૨૭ ઓક્ટો.ના ઘંટાકર્ણ મહાવીર હવન-પૂજન યોજાશે. વિધિવિધાન યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સથવારે, સમય સવારે ૯ કલાકે, પૂજન-હવન દરમ્યાન હવન ગોળો અર્પણ કરવાનો, વિરની આજ્ઞા તથા ઘંટાકર્ણ વિરની અષ્ટપ્રકારી પૂજાના આદેશો આપવામાં આવશે. લાભાર્થી કળાબેન જયંતિલાલ પાતાણી, ધનેશભાઈ પ્રવિણચંદ્ર બાબરીયા, યશ હરેશભાઈ મહેતા, હિતેશ મણિલાલ દોશી. અનુષ્ઠાનમાં ફક્ત ભાઈઓએ જ પધારવાનું રહેશે. શુદ્ધ સફેદ અથવા લાલ વસ્ત્રો પરિધાન કરી પધારવું.

### બહેનશ્રીના વચનામૃત -

સંકલન વિજય બોટાદરા




● જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે; આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા; છેક શ્રેણિ માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો!

અંતર્મુકતા તો ઘણી વાર થઈ હતી. પણ આ અંતર્મુખતા તો છેલ્લાં છેલ્લી કોટિની! આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો. જેવો ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો. તેનો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો.

GFC
ઘાટકોપર ફ્રેન્ડસ્ સર્કલ
હરેન શેઠ : ૭, ગીતા કિરણ, ૧૨૪, ગારોડીયા નગર, ઘાટકોપર(ઈ), મુંબઈ - ૭૭. ☎ 9969962039

**૧૫મા વર્ષમાં મંગળ પ્રવેશ**

**GST ના ભાવમાં મેમ્બરશીપ**

વર્ષ ૨૦૨૦મું વાર્ષિક લવાજમ વ્યક્તિદીઠ

A TO H રૂા. ૫,૦૦૦/-, L TO W રૂા. ૩,૫૦૦/-, XYZ રૂા. ૨,૦૦૦/-

**FIX SEAT - FIX ROW ઝવેરબેન ખાતે**

- વર્ષ દરમ્યાન ૧૬ કાર્યક્રમો દરેક કાર્યક્રમમાં કેન્ટીનના નાસ્તાની કુપન.
- કાર્યક્રમ : ૭ નાટકો, ૬ ફિલ્મો, ૩ એરકેસ્ટ્રા અને વધારેમાં પર્યટન બોનસ કાર્યક્રમ.
- નાટકો : ફક્ત ઝવેરબેન ખાતે.
- ફિલ્મો : મલ્ટીપ્લેક્સમાં વહેલા તે પહેલાના ધોરણે.
- ઓરકેસ્ટ્રા : ભૂરીબેનમાં વહેલા તે પહેલા ધોરણે.
- પર્યટનના રૂપિયા અલગથી લેવામાં આવશે.
- કાર્યક્રમમાં પ્રોક્ષીની છૂટ પણ I-CARD સામે પ્રવેશ.
- કાર્યક્રમોની જાણ Whatsapp અને SMS થી.
- મેમ્બર થયા બાદ કોઈ પ્રકારનું ડોનેશન નહીં.
- કાર્યક્રમાં મધ્યાંતરમાં કોઈપણ પ્રકારના ભાષણો નહીં.
- વર્ષ ૨૦૨૦ નું વાર્ષિક વલાજમ વહેલા તે પહેલાના ધોરણે. ઉપરોક્ત સ્થળે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમ્યાન લેવાશે. (સોમવારથી શનીવાર ફોન કરીને આવવું)
- તા. ૩૧-૧૨-૨૦૧૯ પછી દાખલ ફી ના રૂા. ૫૦૦/- વ્યક્તિ દીઠ લેવાશે.
- 'GFC' એક સંયુક્ત ભાવનાનો કુટુંબ મેળો છે.

નોંધી રાખશો : વર્ષ ૨૦૨૦ના માર્ચ મહિનામાં આસામ-મેઘાલય-અરૂણાચલ (૩ સીસ્ટર) પ્રવાસનું આયોજન કરેલ છે. ૧૧ દિવસ/૧૦ રાત્રી પ્રવાસ કિમત રૂા. ૪૫,૦૦૦/- + Air Fare + GST

લી. પ્રમુખ : ખટાઉભાઈ નેગાંધી
❖ નાણામંત્રી : નયનાબેન પટેલ
❖ મંત્રી : હરેનભાઈ શેઠ

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર
ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
-: ઓફિસ :-
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.
- સંચાલક

## મનોરંજન

**Jalsa Event**
Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**
જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (278) 485

## ધંધાદારી

**ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોવેવ**
દરેક પ્રકારના વોશીંગ મશીન, રેફ્રીજરેટર, માઈક્રોવેવ ઓવન, રીપેરીંગ માટે. **સચીન શાહ** (બિડડા) **- 9869126381, 9320982123.** વિઝિટીંગ ચાર્જ-૨૦૦/- (282)486

For Society / Company Accounts, Income Tax Return Filing, TDS Returns, GST Returns. Vinod Joshi : **98205 93177.** (233)483

**Teerth World**
Start your business digital journey by making own website at 7000. **9820476007. teerthworld.com**(267)484

**Join Business to Business Group**
Business Opportunity Leads and Deals Learn Earn and Return. **Call - 98197 25307.**(261)484

**ફોટોગ્રાફી**
સગાઈ, પ્રી-વેડીંગ, મહેંદી રસમ, લગ્નોત્સવ, સંગીતસંધ્યા, મેટરનીટી શૂટ, શ્રીમંત, જન્મદિવસ, ધાર્મિક-પ્રસંગે બેસ્ટ ફોટોગ્રાફી અને વિડીઓગ્રાફી. **ધવલ શાહ- 76665 57222, 97735 86864.** (254)483

Personal, Business, Accounting, Income Tax, GST, Financial Planing. **92228 44843.** (258)487

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪

## ધંધાદારી

GST & ACCOUNTING
જીએસટી રીટર્ન ફાઈલીંગ ૫૦૦/-, ઉદ્યોગ આધાર, પાસપોર્ટ ૫૦૦/-, જીએસટી રજીસ્ટ્રેશન@૧૦૦૦/-. સંપર્ક : **9029710899** (228)479

**મોરયા વોટર સપ્લાયર્સ**
વિવિધ કંપનીઓની પાણીની બોટલ ઉપલબ્ધ, **અક્ષય શિંગાડીયા - 7738243194, અશોક આરેકર - 7039214214.** B(jj)

## મહિલા માટે

**૫૦૦ ઘેર કરાવો**
કલર્સ, આયર્નીંગ, હેરસ્ટાઈલ, મેકઅપ, હેરસ્પા, હેરકલર, વેક્સ, ફેશીયલ, બ્લીચ, મહેંદી. કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

**Monika Beauty Care**
**Home Service Available**
Facial - 300, Bleach - 60, Eyebrow-50, Manicure-300, Pedicure-300, Head Massage-300, Hair Spa-700, Hair Cut-400, Hari Colour-1000, Hair Straightening-800, Wax-600, Mehndi (Traditional) -1000.
**Call - 96198 44745**

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (284)486

## રીઅલ એસ્ટેટ

**A Bombay Realtors**
Available Office Nariman Point to Andheri, Ghatkopar Area 500 to 50,000 Sq.ft. **Cont.: Santosh Bhoite - 98206 10810.** (265) 485

## રીઅલ એસ્ટેટ

**જયેશ કાંતિલાલ મહેતા**
એસ્ટેટ એજન્ટ, સેલ્સ, પરચેસ, લીડ. **જયેશભાઈ - 022-21024389, 98701 30730.** Email - jayeshmehta8686@gmail.com (323)491

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**Tilak Nagar**
1-2-3 BHK Available on Rent. **Call : Panditpotra Kumar : 98203 45511, 99203 45511.** (298)487

**Nikhil Consultancy**
For Sale - Purchase - Rental of Flat & Shop in Ghatkopar. **Contact:9820367536, 77384 29491.** (243) 485

**વિદ્યાવિહાર(વેસ્ટ)**
નીલકંઠ બિજનેઝ પાર્કમાં ઓફિસ ભાડેથી આપવાની છે. **Yogesh Shah - 9820023817.** (281)485

**ઘાટકોપર-તિલકનગર**
નાના મોટા ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન/ બંગલો ભાડેથી / વેચાણથી, લેવા/ આપવા. **મુકેશભાઈ : 98202 61711.** (270)484

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**PICNIC**
Royal, Imegica, Mandvi, greatescape, silent, waterkingdom, KidZania, paradise, sea gull, Shivganga. **Shreyas Travels : 9930346152.** (B)492

## રીઅલ એસ્ટેટ

**કૌશલ કાંતિલાલ મહેતા**
ઘાટકોપર(ઈસ્ટ) પંતનગર- 3+1 રેડી પઝેશન નવા બંધાતા. **Mob.: 2501 0589, 93238 71933.** (322)491

**શ્રી હરી પ્રોપર્ટીઝ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં ફ્લેટ ઓફિસ દુકાન, ગોડાઉન લેવા-વેચવા ભાડેથી. **હેમંતભાઈ ઠક્કર (ભચાઉવાળા) : 98214 63077, 97684 71831.** (344)492

## શૈક્ષણિક

**Master Phonics - Teacher Training**
Phonics Teacher Training Certificate Course. Intensive Training with lot of practice. Phonics teacher's training also lets you run your own classes for children. **Call:9833874424, 7304195472.** (427)509

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ચૌવિહાર વ્યવસ્થા સાથે ટુર**
એર ટિકીટ સાથે / સીવાય સંપૂર્ણ ભારતમાં આયોજન. **સંપર્કઃ ગુરૂકૃપા : 95942 86900.** (268)483

## રીઅલ એસ્ટેટ

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (270) 484

**Office - Shops**
1/2/3 BHK Flats Rent / Sale / Purchase Ghatkopar East - West. **Call : Bipin Katira - 98213 83343, 98192 40602.** (314)492

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર**
ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ફક્ત જૈન મેનું ટુર**
શીખરજી - લેહ - કાશ્મીર - હીમાચલ - નૈનિતાલ - સીક્કીમ - કેરાલા - કુર્ગ - સાઉથ - ગુરૂકૃપા. **Contact : 93244 08369.** (268)483

વોઈસ ઓફ ઘાટકોપર
ફોન : 40229684
9022279684

**વોઈસ ઓફ ઘાટકોપર**
**ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)**
**સ્પેશિયલ ઓફર**

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667
*શરતો લાગુ +5% GST Applicable

**ચંદ્રેશ પારેખની કલમે....**



# પ્રકાશનો પર્વ એટલે દિવાળી

આવ રે આવ દિવાળી અમારે ઘેર, આવ પ્રગટાવવા અંતરમાં દીવડા

શ્રાવણ ગયો ને ગયો ભાદરવો, ગયી નવરાત્રી અને કર્યું રાવણ દહન

ચૌદ વર્ષે રામ અયોધ્યા આવ્યા, સાથે લાવ્યા સીતા, લક્ષ્મણ, હનુમાન

સાથે લાવ્યા રે પર્વ દિવાળીનો, ને લાવ્યા નવા વર્ષની નવી આશાઓ

બાળકો તડપતા ખાવા ઘૂઘરા, દાદીમાને કોડ રાંધવા મીઠી રસોઈઓ

માએ આગણે પૂરવા છે સાથીયા, બેને તો શણગારવા તોરણો બારણે

પિતાજી લાવ્યા થેલા ભરી ફટાકડા, ને ભરાય ગયા કોઠાર અનાજથી

બધા ઉંબરે સળગે ઘીના દીવા ને ઓટલે બાળકો સળગાવે તનક્તારા

દીપાવલી શબ્દ દીપ+આવલી (હરોળ) આ રીતે બન્યો છે. તેનો અર્થ છે, દીવડાઓની હારમાળા. આસો વદ તેરસ (ધનતેરસ), આસો વદ ચૌદસ (કાળી ચૌદસ), અમાસ (લક્ષ્મીપૂજન) અને કારતક સુદ એકમ (બેસતુ વર્ષ), આ ચાર દિવસો દરમ્યાન દિવાળી ઊજવવામાં આવે છે.આ દિવસોનું શાસ્ત્રીય મહત્ત્વ સમજી લઈએ. દિવાળીનો તહેવાર એ પ્રકાશનું પર્વ છે. આ તહેવાર વિશેષ મહત્વ ધરાવે છે. એક ચિંતકે પર્વ સબંધે સુંદર સુત્ર આપ્યું છે. 'અપુર્ણને પુર્ણ બનાવે તે પર્વ, ખાલીને ભરે તે પર્વ, પાપની પરંપરા તોડે તે પર્વ.' દિવાળીના તહેવારની ઉજવણી માટે સૌ કોઇ અનેક રીતે આયોજન ગોઠવતા હોય છે. આ દિપોત્સવીનો તહેવાર છે જે અંધકારને દુર કરે છે. આપણામાં રહેલ અપુર્ણતા અને તૃટીઓને દુર કરે છે એવો છૂપો સંદેશ પણ રહેલ છે. આ પર્વ આપણી આધિ-વ્યાધિને દુર કરનારું છે. પ્રકાશનું પર્વ એટલે અંધકાર પર પ્રકાશનો વિજય ! આ સંબધે આધ્યાત્મિક અર્થ જોઇએ તો આપણું સ્વરૂપ દિવ્ય ચૈતન્ય છે જે પરમ શુધ્ધ અને અખંડ છે.

શ્રી રામના કાળથી દિવાળીને એક આંતરિક પ્રકાશનો તહેવાર માનવામા આવેછે જેના વિષે ઘણા બધા જાણકારી આપી ચૂક્યા છે. દિવાળીનો તહેવાર અંધકારના વાતાવરણને ઢાળી ઉજાસમય વાતાવરણ બનાવી વર્ષમાં બનેલી ખરાબ ઘટનાઓને ભૂલાવી દે એવી એક માન્યતા છે. અને આત્માના સ્પર્શની એક અનુભૂતિ થતાની સાથે જ સૃષ્ટિ માટે કરુણા, પ્રેમ, આનંદ અને મનની શાંતિની એક જાતની લાગણીનો અહેસાસ અનુભવાય છે

આપણામાં વિપરીત વિચારો આવે છે જેને જાગૃત કરવાનું આ પર્વ છે. આપણે આ પર્વના પ્રકાશની જ્યોતમાં આળસ અને અજ્ઞાનતાથી દુર થઇ નિત્ય જાગૃત રહેશું તો અજ્ઞાનતા રૂપી રાત્રિ દુર થશે. આ તહેવારોનું ઝુમખું છે! વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, પડવો (નવું વર્ષ) અને ભાઇબીજ! આ તહેવારને વધાવવા માટે ગૃહિણીઓ મહિનામાસ પહેલેથી જ ઘરની સાફસફાઈનું કામ આરંભે છે. ઘરને રંગરોગાન અને તોરણો તેમજ દીપમાળાથી સણગારવામાં આવે છે. ધનતેરસના દિવસે લક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. લક્ષ્મીના વિભિન્ન સ્વરુપ છે. જે સબંધે રામાયણ, મત્સ્યપુરાણ, માનસાર, ધ્યાનમાલા આદિ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ છે. લક્ષ્મી એ માતૃશક્તિ છે.

કાળી ચૌદશ આસો વદ ૧૪ની રાત્રિએ મનાવવામાં આવતો તહેવાર છે. વદ ચૌદશની ઘોર રાતને પણ એક મહત્વ આપવામાં આવેલ છે. આ દિવસે શ્રી હનુમાનજી પણ ખાસ પૂજન કરવામાં આવે છે. તહેવારનો ઉદ્દેશ્ય અંધકાર પર ઉજાસનો વિજય સાથે અનિષ્ટ તત્વો, અંધશ્રધ્ધા અને વહેમને દુર કરી એક શુભ સંદેશ ફેલાવતો આ દિવસ છે. પુરાણમાં વર્ણન છે એ મુજબ કાળી ચૌદશને 'નરક ચતુર્થી' પણ કહેવાય છે. પુરાણની વાર્તા મુજબ નરકાસુર પ્રાતિષપુરનો રાજા હતો જે સ્ત્રીઓને પજવતો હતો. પરેશાન લોકોએ શ્રીકૃષ્ણ પાસે મદદ માગી અને ચતુર્થીના દિવસે નરકાસુરનો નાશ થયો! અસુરના નાશથી ખુશ લોકો નવા વસ્ત્ર પરિધાન કરીને ફરવા નીકળ્યા!

દિવાળી એ વિક્રમ વર્ષનો અંતિમ દિવસ છે. આ દિવસે સાંજના સમયે વેપારી વર્ગ ચોપડા પુજન કરે છે. તેમજ સાક્ષર લોકો પુસ્તક પુજન કરે છે. દિવાળી એવો દિવસ છે જેને હર કોઇ ઉજવવા થનગનતા હોય છે. ઘરોઘર દીપમાળાઓ ઝળહળતી જોવા મળે છે તેમજ લોકો ઘરો પર રોશની પણ કરે છે! દિવાળીની રાત્રે ફટાકડા ફોડવાની પણ પરંપરા રહી છે. અને યુવાનો સાથે મળીને ફટાકડા ફોડે છે !દિવાળી પછીના દિવસે 'પડવો' એટલે કે બેસતું વર્ષ કે નવું વર્ષ નુતન વર્ષના એકમેકને અભિનંદન સાથે શરુ થાય છે. આજના દિવસે ઘરના નાના વડીલોને પગે લાગે છે અને નવાં વર્ષના આશીર્વાદ મેળવે છે. સ્નેહીજનો, મિત્રો એકબીજાના ઘરે જઇ ને મિઠાઇ આપીને શુભેચ્છાની આપ-લે કરે છે. એકમેકને આદર આપવા સાથે જો વૈમન્ય હોય તો તેને દુર કરવાનો આ અવસર છે. ભાઇબીજના દિવસે બહેન પોતાના ભાઇને જમવા નિમંત્રે છે. અને આ દિવસે ભાઇ-બહેન છૂટા ન પડે એવું પણ કહેવાય છે. આ દિવસ ભાઇ બહેનના નિર્મળ સ્નેહનો તહેવાર છે. દિવાળી જેવા પર્વ પરિવારમાં એકતા લાવવાનું કામ કર છે. આ દિવસે પરિવારના દરેક સભ્યો નાના મોટા મતભેદો ને ભૂલી જઈ સૌ આંનદ ઉલ્લાસથી એક થઈને સાથે ઉજવણી કરે છે. તેથી તેનું સામાજિક મહત્વ પણ ઘણું છે.

દિવાળી ના શુભ અવસરે આઓ એકબીજાને શુભકામના દઈએ નવા વર્ષમાં પીવાનું શુદ્ધ અને પુરુતું પાણી મળે. આપણા ખેડૂતભાઈ માટે સારો પાક થઇ વ્યાજબી ભાવ મળે. તેની પરેશાની દૂર થાય. સરહદે શાંતિની સ્થાપના થાય અને આપણા કોઈ જવાનો શહિદ ન થાય. મોંઘવારીરૂપી રાક્ષસનો નાશ થાય. ભારતની તમામ રાજકીય પાર્ટીઓ ભેદભાવ ભૂલી જઈ એક થઈ દેશના હિત માટે કર્યો કરે. ગાંધીજીના અને નરેન્દ્રભાઈ સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરીયે લોકોમાં પરસ્પર સહકારની ભાવના વધે. એકબીજાના ટાંટિયાખેંચની વૃત્તિ ઓછી થાય. ઉબડખાબડ રસ્તા જલ્દી સમારકામ થાય. શાળાનું શિક્ષણ સ્તર સુધરેમલોકોની આમદાની વધે. લોકોને સારી મેડિકલ સારવાર સસ્તા દરે મળે. સમાજમાં વ્યાપેલા દંભનું પ્રમાણ ઘટે. કોર્ટ અને કચેરીના વરસો જુના કેસોનો નિકાલ આવે.પોલીસ દળમાં જુસ્સો પેદા થાય અને તેના ડરથી સમાજમાં ગુંડાગીરી, ખૂનો, ગુનાઓ અને બળાત્કારોનું દુષણ નાશ પામેમ સરકાર લોકો ની તકલીફ જેવી કે મોંઘવારી ધંધા વ્યાપાર ની અડચણો ટેક્સ મેટર, સરકારી અધિકારીઓ ઉપર કામ પૂરું કરી દેવાની સમય મર્યાદા બાંધેમ ભારત પ્રગતિ ના રહે પાછું વળી વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે. દિવાળીના આ શુભ અવસર પર હું ભારતનાં તથા વિદેશમાં દરેક ભાઈ-બહેનોને હિંદુ કેલેન્ડરના હિસાબે આવતું વિક્રમ સંવત વર્ષ નવા વર્ષની હાર્દિક શુભેચ્છા સાથે પ્રત્યેક ઘરમાંખુશીઓના દીપક પ્રગટે તેવી શુભકામના પાઠવું છું તેમ જ આવનારું નવું વર્ષ આપણા દરેકના જીવનમાં ખુશીઓ અને સમૃધ્ધિનો ભંડાર લઈને આવે છેલ્લી મહત્વની શુભકામના.. મહાલક્ષ્મી માઁ સૌ ઉપર માહેર કરે અને ભગવાન નારાયણની કૃપા સર્વ ઉપર વરસે

ચાલો, આજે આવતા નવા વર્ષે નાનો પણ સુગંધી સંકલપ કરીએ કે.

કોઈ પણ અપેક્ષા વગર બધાનું સારું કરવા પ્રયાસ કરીએ

કેમકે, કહેનારાએ સાચું જ કહ્યું છે, કે જે સુગંધી ફુલો વેંચે છે..તેના હાથમાં સુગંધ રહી જાય છે

સાંસ્કૃતિક અને ઐતિહાસિક મુલ્યો અને સામાજિક પરંપરાને નિભાવવાનો અને તે સાતે આનંદ મેળવવાનો દિપોત્સવી તહેવાર છે આ દિવાળી!

સૌને લેખકના નુતનવર્ષાભિનંદન!

SCOOP GELATERIA
Pure Veg.
BUY 2 GET 1 FREE
(Single Scoop) (Nano Scoop)
* CONDITIONS APPLY
OFFER VALID ON
* PREMIUM FLAVOUR'S ONLY
* VALID TILL 30th NOVEMBER 2019
* CONDITIONS APPLY
* OFFER NOT VALID ON HOME DELIVERY
NANO SCOOP
FLAT ₹ 25/- ONLY
( Per Nano Scoop )
ALL THE DAYS
CONDITIONS APPLY
◆ PER PERSON TWO NANO SCOOPS ONLY
◆ OFFER VALID TILL STOCK LASTS
Home Delivery
60 Feet Road - Ghatkopar (E)
☎ 022-21020504

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168
Haresh Creation
Ladies Dressmakers
Believe in Creativity
हरेश क्रिएशन लेडीज़् ड्रेसमेकर्स
Shop No. 3, Krishna Leela , Khokhani Lane, Ghatkopar (East), Mumbai - 400077
M: 87792 99022 (Sunday Closed)

Most Versatile Singer - Entertainer
Hiren's Harmony
Events & Entertainment
09322 600 800
www.harmonyevent.com
• Sangeet Sandhya • Mini / Mega Orchestra • Lagna Geet • Mehendi • Raas-Garba • Reception Instrumental / Track Show • Birthday • Anniversary • Baby Shower • Theme Parties • Get-together Picnics & Parties • Musical Housie • Karaoke • DJ • Games • Bhajan • Stavan • Prathana • Pahedi
દરેક અવસરને અનેરો બનાવો
Just @11000/- onwards

HOME DELIVERY
isha Products
AVAILABLE IN MULUND
•NATURAL OIL •HERBAL TEA
•COPPER WARE •HEALTHY FOOD
•RUDRAKSH •PURE HONEY
Shop No.13, Sainath Plaza, J.N. Rd.
93248 98212

એડલ્ટ ડાયપર માટે
અંબિકા ટ્રેડીંગ કાું.
દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ
હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે
એડલ્ટ ડાયપર (M/L/X/L) હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
9323507848
9619907848

# દિપાવલી એટલે 'વીર નિર્વાણ' દિવસે ચાલો 'આતમ દીપ' અજવાળીએ...

આસો વદ અમાસનો દિવસ સમગ્ર જૈન સમાજ "વીર નિર્વાણ દિવસ" અર્થાત "પ્રભુ મહાવીર મોક્ષ કલ્યાણક દિવસ" તરીકે ઉજવે છે. આસો વદ અમાસનાં દિવસે પાવાપૂરી નગરે પ્રભુ મહાવીરે મોક્ષગતિને પ્રાપ્ત કરી. તેમના પાર્થિવ દેહને ઈન્દ્રાદિ દેવોએ આવીને દીપ પ્રગટાવીને પૂજન કર્યુ હતું અને સમગ્ર પાવાપૂરી નગરીને દીપક થી પ્રગટાવીને – દીવાઓથી ઝળહળતી કરીને પ્રકાશયુક્ત કરી દીધી હતી.

તે પરંપરા આજ સુધી જૈન ધર્મમાં ચાલી આવી છે. જૈન વેપારીઓ પરંપરાગત રીતે તેમનું હિસાબોનું વર્ષ દિવાળીથી શરુ કરે છે. આ પ્રમાણે સમગ્ર જૈનો દિવાળીનાં દિવસે સાંજે દિપક પ્રગટાવીને પ્રભુ મહાવીરનો નિર્વાણોત્સવ મનાવે છે.

પ્રભુ મહાવીર માટે તો આ દિવસ ચોક્કસપણે ૨૭-૨૭ ભવો સુધીની પ્રચંડ આત્મસંઘર્ષની યાત્રાનાં સુખદ પૂર્ણવિરામનો દિવસ હશે. જે લક્ષને કાજે વડીલ બંધુ પાસેથી સંસાર ત્યાગની અનુમતિ લઈ વન પ્રદેશોમાં વિચરણ કરી અપાર પુરુષાર્થ અને આત્મધ્યાન વડે મોક્ષ ગતિને પ્રાપ્ત કરી તે પ્રભુ મહાવીરનું શાસન પૂરા ૨૧૦૦૦ વર્ષ સુધી આ પૃથ્વીને આત્મ-પ્રેરણાનું 'પિયુષ-પાન' કરાવતું રહેશે.

ત્યાગ-ક્ષમા-દયા અને કરુણાનાં માર્ગે ચાલીને પ્રચંડ પુરુષાર્થની જ્વાળા વડે પ્રભુ મહાવીરે નહિ કેવળ સ્વયંની જ આત્મજ્યોતને પૂર્ણ રૂપે પ્રગટાવી, પરંતુ તે ઉપરાંત હજારો-લાખો જીવોમાં પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે 'આત્મજ્ઞાન' પ્રગટાવી આ ભરતક્ષેત્રને જ્ઞાન-પ્રકાશથી પરિપૂર્ણ કર્યું. વર્તમાનમાં તેમના પગલે પગલે ચાલીને



આપણે પણ જો 'આત્મજ્ઞાન'ને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરીએ તો જ દરેક વર્ષે દિવાળીનાં દિવસે પ્રભુ મહાવીરનાં સ્મરણાર્થે કરવામાં આવતું આ દીપ પ્રાગટ્ય લેખે ગણાશે.

પ્રભુ મહાવીરનાં દિવ્ય સંદેશને જો એક જ વાક્યમાં સમજવો હોય તો તેમનો જીવન-સંદેશ એ "જીવો અને જીવવા દો" થી શરુ થાય છે અને છેવટે "સ્વયંનાં શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થવું" ત્યાં પૂર્ણ થાય છે.

વર્તમાન માનવજીવન જ્યારે અનેક પ્રકારની વ્યક્તિગત-સામાજીક અને વૈશ્વિક ગૂંચવણો, અથડામણો અને સંઘર્ષોમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે નિઃશંક એ વાત સ્વીકારવી જ રહી કે જો વિશ્વનો દરેક મનુષ્ય માત્ર આ ચાર શબ્દો "જીવો અને જીવવા દો"ને આત્મસાત કરી લે તો વ્યક્તિગત અને વૈશ્વિક ક્ષેત્રે ક્યાંય સંઘર્ષ અને અથડામણનો પ્રસંગનાં આવે.

ખાસ કરીને વર્તમાનમાં વૈશ્વિક ભૂમિકાએ દેશ-દેશ વચ્ચે સતત સંઘર્ષ અને અથડામણની સ્થિતિ જોવા મળે છે. જેમાં આર્થિક લાભ, સત્તા-સામ્રાજ્યનો વિસ્તાર કરવાનાં પ્રલોભનનાં કારણે સૈન્ય શક્તિનાં જોરે ક્યાંક ને ક્યાંક યુદ્ધનાં નગારા વાગતા સંભળાય છે અને છેવટે તેમાં હજારો મનુષ્યને જાન-હાનીનાં ભોગ બનવું પડે છે.

આવા વિકટ સમયમાં પ્રભુ મહાવીરનાં દિવ્ય સંદેશ "જીવો અને જીવવા દો"ને અપનાવવું એ જ એકમાત્ર શાંતિનો માર્ગ બની શકે છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેનો સંઘર્ષ હોય કે પછી વ્યક્તિગત રીતે પણ "જ્યારે આપણે સ્વયં શાંતિથી જીવીએ છીએ અને અન્ય વ્યક્તિને શાંતિથી જીવવા દઈએ" ત્યારે માનવું રહ્યું કે ખરેખર આપણે પ્રભુ મહાવીરનાં માર્ગે ચાલીએ છીએ.

વર્તમાનમાં વૈશ્વિક સ્તરે જે પ્રકારે ઝાડ-પાન-વૃક્ષોનાં સંહારનાં કારણે પર્યાવરણનાં વિનાશની ગંભીર પરિસ્થિતિનો સામનો પૃથ્વી કરી રહી છે તે અગાઉનો ઈતિહાસ જોતા જણાતું નથી. ત્યારે પ્રભુ મહાવીરનું આ વાક્ય "મા હણ" અર્થાત્ "કોઈને હણશો નહિ" નો ઉદ્ગાર તો જાણે પૃથ્વી પર પર્યાવરણની ગંભીર અસરોથી પિડાતી સમગ્ર માનવ જાત અને હરેક રાષ્ટ્ર માટે વરદાન રૂપ સાબિત થઈ શકે છે.

આ પ્રમાણે પ્રભુ મહાવીરનો દિવ્યસંદેશ "બાહ્ય જગત સાથેનાં સંબંધમાં, વ્યક્તિ-વ્યક્તિ સાથેનાં સંબંધમાં, કે પછી વિશ્વનાં સમસ્ત પશુ-પક્ષીઓ અને પ્રાણીઓ, અરે સૂક્ષ્મ વનસ્પતિ સાથે પણ હિસા નહિ આચરવાની વાતમાં આવે છે."

પરંતુ તેનાથી પણ વિશેષ સૂક્ષ્મ રીતે પ્રભુ મહાવીર સંપૂર્ણપણે અહિંસક બનવાનો ઉપદેશ આપે છે. તે છે સ્વયંને આત્માને ઓળખીને. "અપ્પણા સચ્ચ મે સેજ્જા" અર્થાત્ "સ્વયં સત્યની ખોજ કરો". જે વ્યક્તિ સત્યની ખોજ કરવા નીકળે છે, જે વ્યક્તિ હું કોણ છું તે જાણવા મથામણ કરે છે અને છેવટે પોતાના શુદ્ધ સ્વરૂપને, પોતાના સાચા આત્મ સ્વરૂપને જાણી લે છે કે "હું આત્મા છું" ત્યારે તે વ્યક્તિ સહજ રીતે અહિંસક બની જાય છે. તેને અહિંસક બનવાનાં ઉપદેશ આપવાની જરૂર રહેતી નથી. તે માત્ર કોઈનાં દેહને જ નહિ પરંતુ કોઈનાં મનને પણ હાનિ પહોંચાડશે નહી.

ખરેખર તો આપણે દેહાદિની અહિંસાથી આગળ વધીને, કોઈનાં મનને – ચિત્તને પણ હિંસાના પહોંચાડીએ તેવી આત્મસ્થિતિ પ્રાપ્ત કરવાની છે. પરંતુ તે ત્યારે જ શક્ય બનશે જ્યારે વ્યક્તિ સ્વયંના જ્ઞાનપ્રકાશ થી સ્વયંના "આત્મ દિપ"ને પ્રગટ કર્યો હોય.

તો ચાલો... આ શુભ દિપાવલીનાં દિવસે, પ્રભુ મહાવીરનાં મોક્ષ કલ્યાણકનાં દિવસે આપણે શુભ સંકલ્પ કરીએ... તેમજ પ્રભુ પ્રાર્થના કરીએ... કે "હું પ્રભુ મહાવીરનાં દિવ્ય સંદેશ 'જીવો અને જીવવા દો' ને મારા જીવનમાં આત્મસાત્ કરુ અને તેમજ તેનાથી પણ આગળ વધીને હું પ્રચંડ પુરુષાર્થ દ્વારા મારા સ્વયંની 'આત્મ જ્યોત' પ્રગટાવીને વહેલામાં વહેલી તકે 'આત્મજ્ઞાન'ને પ્રાપ્ત કરું. તેમજ છેવટે આત્માની અંતિમ શુદ્ધ અવસ્થા એવું 'કેવળજ્ઞાન' ને પ્રાપ્ત કરીને ખરેખર હું પણ પ્રભુ મહાવીરની જેમ સંપૂર્ણપણે 'મન, વચન અને કાયા' થી અહિંસક બનું."

વિરલ સોમાણી (મો.૯૦૨૯૮૯૦૨૮૯)




મયુર લોડાયા - 9322311146
પ્રવર કોટીચા - 9223434460

## ઘાટકોપરમાં પૂ.ધીરગુરુદેવની નિશ્રામાં મહાવીર નિર્માણ અને તક્તી અનાવરણ વિધિ

શ્રી ઘાટકોપર સ્થાનકવાસી જૈન સંઘ, હિંગવાલા લેનના આંગણે પૂ.ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.ની નિશ્રામાં અહિંસાના અવતાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી નિર્વાહા કલ્યાણક નિમિત્તે ત્રિ દિવસીય તા.૨૫ થી ૨૭ સુધી ઉત્તરાધ્યયન સૂત્ર-મહાવીરની અંતિમ દેશના પ્રવચન શ્રેણી અને તા.૨૫ને ધનતેરસના જય જિનેન્દ્ર ડોમની તક્તી અનાવરણ વિધિ સંથારા આરાધક જયવંતભાઈ જગન્નાથ જસાણી પરિવાર અને સ્વાતંત્ર્ય સેનાની, પૂર્વ પ્રમુખ મણિલાલ સુંદરજી દોશી પરિવાર તથા મહાવીર જ્ઞાનાલયમની શોભનાબેન વસંતરાય લાખાણી અને કાયમી ઉનાળુ આમ્રફલ વિતરણ યોજનાની ધનલક્ષ્મી મહેન્દ્રભાઈ મહેતા તથા માનદ્ આર્કિટેક્ટ ભાવિક શાહ વગેરેના હસ્તે કરવામાં આવશે. જ્યારે તા.૨૮ના સોમવારે સવારે ૭ કલાકે ભક્તામર અને ૭.૩૧ કલાકે નૂતન વર્ષ મહા માંગલિક કાર્યક્રમ યોજાશે. જ્યારે ૧૨ નવેમ્બરના ચાતુર્માસ પરિવર્તન કાર્યક્રમ વિદ્યાવિહાર ખાતે મનિષા મનિષ બાવીસીના પરિવારના ગૃહાંગણે મોટા સંઘ, ગારોડિયાનગર, રાજાવાડી, પંતનગરે અને કામાગલી સંઘનો યોજાશે.










**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રૂપ ઘાટકોપર સીનીયર દ્વારા રવીવાર ૨૦ ઓક્ટોબર ૨૦૧૯ ના રોજ ૧૨૦ જેટલા રજિસ્ટર સાધર્મિક પરિવારોને અનાજ અને દિવાળી નિમિત્તે મીઠાઇ પારસધામમાં આપવામાં આવ્યું હતું.**

# ડી.જે.દોશી સ્કુલની ૧૯૮૮ એસ.એસ.સી. બેચના વિદ્યાર્થીઓ ૩૦ વર્ષ બાદ ફરી લા-બેંક ખાતે મળ્યા



# મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાનું ઈન્ડિયન સાઈકીયાટ્રીક સોસાયટી પશ્ચિમ ઝોન તરફથી બહુમાન



જાણીતા મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાનું ઈન્ડિયન સાઈકીયાટ્રીક સોસાયટી પશ્ચિમ ઝોનની સુવર્ણ જયંતિ કોન્ફરન્સમાં બહુમાન કરવામાં આવ્યું હતું. આ બહુમાન એટોમિક એનર્જીના ભૂતપૂર્વ ચેરમેન પદ્મ વિભુષણ અનિલ કાકોડકરના વરદ હાથે કરાયું હતું.

ડૉ. મણિલાલ ગડા રજત જયંતિ વર્ષ ૧૯૯૪-૯૫માં ઈન્ડિયન સાઈકીયાટ્રીક સોસાયટી પશ્ચિમ ઝોનના પ્રમુખ હતા. એમના સમયમાં ડૉ. ગડાએ માનસિક રોગો વિષે વૈજ્ઞાનિક માહિતી મળે એ માટે જનજાગૃતિના કાર્યક્રમો યોજ્યા હતા.

ડૉ. ગડા છેલ્લા ૪૦ વર્ષથી વધારે વર્ષોથી ઘાટકોપર તથા મુલુંડમાં પોતાની પ્રેક્ટિસ કરે છે. રાજાવાડી મ્યુનિસિપલ હોસ્પિટલમાં મનોવિકાર વિભાગના વડા તરીકે સેવા આપી છે. માનસિક રોગો વિષેની ગેરસમજ દૂર કરવા જાહેર જનતા માટે લેક્ચરો ગોઠવે છે. સાદી સરળ ભાષામાં ગુજરાતીમાં લેખો લખે છે તથા પુસ્તિકાઓ બહાર પાડી છે.

## ‘નીંભર સમાજ’

**શબ્દોનું સ્પંદન**



પ્રા. બિંદુ મહેતા

વાહલસોયા બે બાળકોને ગળે ટુંપો દઈ પોતે ગળે ફાંસો ખાવો આ ૨૮ વર્ષની માતાએ કેટલીએ યાતના સહન કરી આ પગલું ભર્યુ હશે ત્રાસ અસહ્ય ત્યારે જ બને કે જ્યારે સગા વાહલા કે આડોશ પાડોશમાંથી ક્યાંથી પણ સહારો ન મળે ક્યાંય પોતાની વેદના વ્યક્ત કરવાનો વિસામો ન હોય અને માણસ લાચારી અનુભવે કોઈ આધાર ન મળે તો માણસ આવું અંતિમ પગલું ન છુટકે ભરે.

દરેક વ્યક્તિની એક માનસિકતા, સમજદારી હોય સામે સંજોગો હોય વ્યક્તી સહ્ય અને ક્ષમ્ય સીમાથી વધુ દબાણ આવે તો વ્યકિત માનસિક સમતુલા ગુમાવે ત્યારે કોઈવાર આવેશમાં આવીને અણછાજતુ પગલું ભરે તેવે વખતે મજબૂત ટેકો વ્યક્તિને ખોટું પગલું ભરતા અટકાવે છે. પરંતુ સમાજમાં દુશ્મનોની દુષ્ટતા કરતા સજ્જનોની નિષ્ક્રિયતા વધારે ખતરનાક પુરવાર થાય છે તેવે વખતે અનષ્ટિ બનાવ બને હકારાત્મકતાનો અભાવ નકારાત્મકનું જોર કે અસર વધારે છે.



# ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભાથી ચૂંટણી લડનાર ઉમેદવારોને કેટલા મત મળ્યા

ઘાટકોપર (ઈસ્ટ) વિધાનસભાથી કુલ ૧૧ ઉમેદવારો ચૂંટણી ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા જેમાં ૫૭.૭ ટકા મત મેળવી પરાગ શાહ પ્રથમ રહ્યા હતા તેમને ૬૬ પોસ્ટલ વોટ અને ૭૨,૯૮૮ ઈવીએમ વોટ મળતા કુલ ૭૩,૦૫૪ મત મળ્યા હતા તેમના બાદ ૧૫.૫૯ ટકા મત મેળવી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના સતિષ પવાર ૧૯,૭૩૫ વોટ સાથે બીજા ક્રમાંકે, કોંગ્રેસના મનિષા સુર્યવંશી ૧૨.૪૪ ટકા મત - ૧૫,૭૫૩ મત મેળવી ત્રીજા ક્રમાંકે રહ્યા હતા. જોકે ગત ચૂંટણીઓ કરતા આ વખતે નોટાનો આંકળો વધુ રહ્યો હતો જેમાં નોટા એટલે એકપણ ઉમેદવાર પસંદ ન હોય તેવા મત ૨.૬ ટકા - ૩૨૯૭ હતા. ઘાટકોપર (ઈ)માં વર્ષ ૨૦૧૪માં ૧૮૫૦ નોટા મત હતા જે આ વખતે લગભગ બમણા થયા છે. આ ઉપરાંત વંચિત બહુજન આઘાડીના વિકાસ પવાર ૧૦,૪૭૨ મત મેળવ્યા હતા.

ઘાટકોપર(વે) વિધાનસભા બેઠક પર કુલ ૧૩ ઉમેદવારોમાં સૌથી વધુ મત ૪૭.૦૧ ટકા - ૭૦,૨૬૩ ભાજપાના રામ કદમને મળ્યા હતા. જ્યારે સંપૂર્ણ મુંબઈમાં અપક્ષ તરીકે સૌનું ધ્યાન ખેંચનાર અને સૌથી વધુ મત મેળવનાર સંજય ભાલેરાવ ૪૧,૪૭૪ - ૨૭.૭૫ ટકા મત મેળવવામાં સફળ રહ્યા હતા. સંપૂર્ણ મતદાર સંઘમાં આ બન્ને બાદ ત્રીજા ક્રમાંકે મનસેના ગણેશ ચુક્કલ ૧૫૦૧૯ - ૧૦.૦૫ ટકા મત મેળવ્યા હતા. અહીં વંચિત બહુજન આઘાડીથી ઉભા રહેલ ગણેશ ઓવ્હાલને ૮૦૮૮ મત મળ્યા હતા, આ વિધાનસભા મતદાર સંઘમાં ગત ૨૦૧૪ની ચૂંટણીમાં ૧૮૭૯ મત નોટાને ગયા હતા જ્યારે આ આ વખતે ૨૨૯૭ મત નોટાને મળ્યા છે.

## GENERAL ELECTION TO VIDHAN SABHA-2019
## LIST OF CONTESTING CANDIDATES GHATKOPAR (EAST)

| Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted | Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted |
|---|---|---|---|---|---|---|---|
|  | Adagale Vikram Popat **1349** | Bahujan Samaj Party |  Elephant |  | Prashant Ahirwar **154** | Jan Adhikar Party |  Helicopter |
|  | Parag Shah **73054** | Bharatiya Janata Party |  Lotus |  | Vikas Damodar Pawar **10472** | Vanchit Bahujan Aaghadi |  Gas Cylinder |
|  | Manisha Sampatrao Surywanshi **15753** | Indian National Congress |  Hand |  | Avinash Raghunath Kadam **837** | Independent |  Cup & Saucer |
|  | Satish Sitaram Pawar **19735** | Maharashtra Navnirman sena |  Railway Engine |  | Madanlal Kedarnath Gupta **797** | Independent |  Water Melon |
|  | Comrade Kishor Kardak **420** | Marxist Leninist Party of India (Red Flag) |  Auto Rickshaw |  | Sandeepbhai Krishna Pagare **478** | Independent |  Whistle |
|  | Nana Sukhadev Bhise **270** | Bahujan Mukti Party |  Coat | **NOTA** | **3297** | | |

# ઘાટકોપર(વેસ્ટ) વિધાનસભાથી ચૂંટણી લડનાર ઉમેદવારોને કેટલા મત મળ્યા

## GENERAL ELECTION TO VIDHAN SABHA-2019
## LIST OF CONTESTING CANDIDATES GHATKOPAR (WEST)

| Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted | Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted |
|---|---|---|---|---|---|---|---|
|  | Anand Rajyavardhan Shukla **9313** | Indian National Congress | Hand |  | Thorat Latatai (Dwarkabai Sathe) **372** | Independent | Key |
|  | Ganesh Arjun Chukkal **15019** | Maharashtra Navnirman sena | Railway Engine |  | Dilip BramdeoYadav **482** | Independent | Road Roller |
|  | Ram Kadam **70263** | Bharatiya Janata Party | Lotus |  | Nikhil Narvekar **149** | Independent | Sewing Machine |
|  | Sudhir Bandu Jadhav **750** | Bahujan Samaj Party | Elephant |  | Bhhaskar Bhhartiy **307** | Independent | Carrom Board |
|  | Ganesh Ravsaheb Owhal **8088** | Vanchit Bahujan Aaghadi | Gas Cylinder |  | Sanjay Bhalerao **41474** | Independent | Whistle |
|  | Shantaram Vishnu Kamble **151** | Peoples Party of India (Democratic) | Black Board |  | Sandeep Prabhakar Yeole **606** | Independent | Coconut Farm |
|  | Chandu D. Vadar **182** | Independent | Tractor Chalata Kisan | **NOTA** | **2297** | | |




# દિવાળીનું અધ્યાત્મિક રહસ્ય – રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ



ઉત્સવધર્મિતા ભારતીય સંસ્કૃતિ નો સનાતન સંસ્કાર છે અને માટે જ ભારતમાં ઉજવવામાં આવતા બધા તહેવારોને દરેક નાગરિક પ્રતિ વર્ષ ખુબજ ધૂમધામ થી મનાવે છે. વિક્રમ સંવત પ્રમાણે વર્ષના અંતિમ માસ આસોની અમાસ ના દિવસ થી આપણે સહુ,વાઘ બારસ,, ધનતેરસ,, કાળી ચૌદસ,, દિવાળી,, બેસતું વર્ષ અને ભાઈ બીજ એમ આખું અઠવાડિયું દિવાળી તરીકે ઉજવીએ છીએ. દિવાળીને લક્ષ્મીનો તહેવાર માનવામાં આવે છે. સામાન્ય ભાષામાં લક્ષ્મીનો અર્થ થાય છે ધન અથવા તો પૈસો. માટે, દિવાળીના શુભ દિવસોમાં વેપારી વર્ગ પોતાના જૂના ચોપડા નો હિસાબ પૂરો કરીને નવા ચોપડા માં હિસાબ લખવાનું શરુ કરે છે કારણકે એવી માન્યતા છે કે ધન ની દેવી શ્રી લક્ષ્મી આ દિવસોમાં રાતના ભ્રમણ કરે છે અને અલૌકિક ઘરો ને પોતાના વરદાન વડે ધન-ધાન્ય થી ભરપુર કરે છે. પરંતુ શું આપણે ક્યારે આના ઉપર વિચાર કર્યો છે કે શ્રી લક્ષ્મી ના સ્વાગત માટે દર વર્ષે આપણે દીવડાઓ પ્રગટાવીએ છીએ, તેમ છતાંય ભારતમાં હજી સુધી આટલી બધી ગરીબી ને દુઃખ શાં માટે છે? દરેક ઘરમાં જગમગતા દીવડાઓ ને જોઇને પણ શ્રી લક્ષ્મી શાં માટે આપણાથી નારાજ છે ? જગમગતા દીવડાઓ કેમ એમને આકર્ષિત નથી કરી શકતા? તેઓ કયા દીવડા ને પ્રગટાવા માંગે છે ? વાસ્તવમાં જોવા જઈએ તો આપણી આત્મા એ જ સાચો દીપક છે જેને આપણે અત્મદીપ પણ કહીએ છીએ, પરંતુ કામ-ક્રોધ-મોહ-લોભ-અહંકાર નામ ના ૫ વિકારોને વશીભૂત થવાને કારણે આપણા આત્મદીપ નો પ્રકાશ ઝાંખો પડી ગયો છે. હવે આવા વિકારી મનુષ્યો વચ્ચે શ્રી લક્ષ્મી નું શુભ આગમન કઈ રીતે થઇ શકે? આ તે કેવી મૂર્ખતા છે મનુષ્ય ની કે પોતાના આત્મદીપ ને પ્રગટાવીને શ્રી લક્ષ્મી નું આવાહન કરવાને બદલે તે માટીના દીવડા ને પ્રગટાવીને બાળકો ની રમત રમતા રહે છે. પોતાના મન-મંદિર ની સફાઈ કરવાને બદલે આપણે બાહ્ય સફાઈ કરીને ખુશ થતા રહીએ છે, માટેજ તો શ્રી લક્ષ્મી આપણાથી નારાજ થઇ ગયા છે.



દિવાળી ના દિવસોમાં જુગાર રમવાનું ખુબ પ્રચલન છે. કહેવાય છે કે જે વ્યક્તિ આ દિવસોમાં જુગાર નથી રમતો એની અપમગતિ થાય છે. વાસ્તવમાં જોવા જઈએ તો આની પાછળ એક અધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે, પરંતુ એની વિષે નથી કોઈ જાણતું અને નથી કોઈ એના વિષે જાણવાની કોશિશ કરે છે. સામાન્ય રીતે જુગાર રમતા ટાણે આપણે અમુક રકમ દાવ ઉપર લગાડીએ છીએ જે જીતી જવા ઉપર અમુક ટકા વધીને આપણને મળે છે. આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો, પાવન સતોપ્રધાન સૃષ્ટિ ની સ્થાપના ને માટે જ્યારે પતિત પાવન પરમાત્મા આ સૃષ્ટિ ઉપર અવતરિત થાય છે, તો તેઓ પ્રત્યેક જીવાત્મા ને આદેશ આપે છે કે તમે પોતાના વિનાશી તન-મન-ધન ને ઈશ્વરીય સેવામાં અર્પણ કરી દો તો તમને ૨૧ જન્મોને માટે કંચન કાયા, સતોપ્રધાન મન અને અખૂટ ધન સંપત્તિ ની પ્રાપ્તિ થશે. ધન્ય છે એ નર અને નારી કે જેઓ ઈશ્વરના આદેશ ઉપર આવો જીવન ને પરિવર્તન કરનારો જુગાર રમે છે. દિવાળી સાથે જોડાયેલા આવા અનેક અધ્યાત્મિક રહસ્યોને ન જાણવાને કારણે આજે મનુષ્ય એને માત્ર એક સામાજિક ઉત્સવના રૂપમાં ઉજવે છે અને મહાન અધ્યાત્મિક ઉન્નતી થી વંચિત રહી જાય છે. જરાક વિચાર કરો ક્યાં આ ઈશ્વરીય જુગાર અને ક્યાં તે સ્થૂળ જુગાર જેને કારણે કંઇક કેટલાય લોકોના જીવન બરબાદ થઇ ગયા.

જો તમે આ વર્ષે કંઇક અલગ રીતે દિવાળી ઉજવવા માંગતા હોવ તો ભલે દીપ જરૂર પ્રગટાવો, પરંતુ એની સાથે સાથે સ્વયં ની તેમજ અન્ય આત્માઓની 'આત્મ-જ્યોત' પ્રગટાવવાનો પવિત્ર સંકલ્પ પણ અવશ્ય રાખો.અગર બીજા ની પ્રત્યે તમારા મન ના કોઈ ખૂણે થોડી પણ ઈર્ષ્યા,, દ્વેષ અથવા તો ક્રોધ ની લાગણી છુપાવીને આપે રાખી હોય, જે તમને અને અન્યોને ભયભિત કરતી હોય,તો એ લાગણીઓને પરમાત્મ-જ્યોતિ ને સમર્પણ કરીને સંપૂર્ણ સ્વાહા કરી દ્યો.કરોડો રૂપિયા આતશબાજી ની આગ માં વેડફવાને બદલે આપણે કમ થી કમ કોઈ અનાથ,ગરીબ અથવા જરૂરિયાતમંદ ના જીવન માં જ્ઞાન-દીપ અને ખુશીયોનો દીપ પ્રગટાવીએ અને આપણી ઘણી બધી ખુશીઓમાંથી થોડી ખુશી નો લાભ એમને પણ આપીએ.

યાદ રાખો ! જયારે પ્રગટશે આત્મદિપક ત્યારે એનાથી પ્રગટાશે અનેક દિપક. નર્કમય સંસારરૂપી નરકાસુર ની બળશે જયારે અર્થી,,રાવણ નો થશે જયારે દરેક મન માં અંત,,નહિ રહે જયારે કોઈની અંદર કોઈના પ્રત્યે ઈર્ષ્યા ,દ્વેષ કે તિરસ્કાર ની ભાવના, જયારે બનશે બધા સાચ્ચા સંત,ત્યારે થશે ઘર ઘર માં ખુશી અને ઉજવાશે ઉમળકાભેર ઝગમગ-ઝગમગ દિવાળી. તો અંધકાર ને શાં માટે તિરસ્કૃત કરીએ, એના કરતા તો આવો ને આપણે સૌ એક જ્ઞાન દીપ પ્રગટાવીએ.

## સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલના બેચ ૧૯૭૪-૭૫ ના વિદ્યાર્થીઓનું રીયુનિયન







સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલ ૧૯૭૪/૭૫ જૂની એસ.એસ.સી. ના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ સંસ્મરણો યાદ કરીને જીંદગી જીવી લઈએ.

સખા અને સખીઓનો તા. ૧૦-૧૦-૨૦૦૮ ના પ્રથમ સ્નેહમિલન યોજાયું ત્યારે ખૂબ જ આનંદ માણેલ એ યાદગીરી આજે પણ સૌનૈ મનમાં અને સ્મૃતિમાં વસેલ છે. હવે બધા સાથે હળી મળીને જૂની યાદોને ફરી તાજી કરીએ જલસા કરીએ.

**આર્થિક બાબાતો અંગે** : આવક જાવકનું પ્રમાણ વધારે રહેતું જોવાય ભાગ્ય પરિવર્તન અંગેની ઘટના વર્ષની શરૂવાતની થતી જોવાય સરવાળે લાભા દાયક સ્થિતિ રહેતી જણાય. લોકોના પાર્થ પનોતી ચાલુ થતી હોવાથી મહેનતનું પ્રમાણ વધારે રહેતું જોવાય. ઈચ્છીત પ્રમાણ કરતાં ઓછો લાભ હતાશા-નિરાશા અને થાકનું પ્રમાણ વધારે પણ લાભતો મળી જ રહે છે. કામકાજો-વ્યવસાય-નોકરી મળી રહેતા આવક ચાલુ રહે છે. વિદેશી સંબંધીઓ શુભેચ્છકો દ્વારા લાભા મળી રહેતો જોવાય છે. ઘણા લાંબા સમય સુધી રોકાયેલી મુકી છુટી થતાં નાણાંકીય રાહત મળી રહેતી જોવાય છે. ઘણા લાંબા સમય સુધી રોકાયેલી મુકી છુટી થતાં નાણાંકીય રાહત મળી રહેતી જોવાય. મિત્રો સહયોગીઓની આગતા સ્વાગતા કરવા જરૂરી થાય. ફેબ્રુઆરી માસ દરમ્યાન તથા માર્ચમા સાહસ-સટ્ટા-વાયદાના કામોમાં સમજી, વિચારી. સ્ટોપલોસની ગણત્રીઓ કરી આગળ વધવું અત્યંત જરૂરી છે. માર્ચ-જૂન મહિના દરમ્યાન એક કરતા વધારે સ્તોત્ર દ્વારા આવક થવી સંભવ થાય છે. લોસના પ્રસંગો રાહ જોવા-થાભવાથી બચાવવા પ્રયત્નો કરવા જરૂરી છે. ભાગીદાર-જીવનસાથી થી આવક થઈ શકે છે. મથક-બજાર-વિદેશવેપાર અંગેથી નાણાં મળવા શક્ય થાય છે. ગોચરના ગ્રહોનો સહકાર મળી રહે છે.



**કૌટુંબીક બાબતો અંગે** : ચડભણે થવા છતાં પણ વૈચારીક મનશ્યો ઉભા થતાં જોવાતા નથી ભ્રાતૃવર્ગની પ્રવૃત્તી કુટનીતી વાળી જણાય. અહમ તેમનામાં વધારે પ્રમાણાં રહેતો જોવાય. છતાં સ્વાસ્થ્ય બાબતો અંગે સંભાળવું જરૂરી થાય છે. તેમના અભ્યાસ અંગે ધ્યાન આપવું જરૂરી થાય. વ્યસાયે સ્થાન ફેર અને વ્યક્તિ મળી શકે છે. સંતાનોને બહાર રહેવાનું અને દૂરના સ્થળે જવું પડતું જોવાય પરદેશ ગમનની શક્યતા પણ થઈ શકે છે. લગ્નયોગ અને સંતાનયોગ થઈ શકે છે. જીવનસાથીની સ્થિતિ સ્વાસ્થ્ય અને બાબતે સારી રહેતી જોવાય. પિત્રુ સ્વાસ્થ્ય એકંદરે ઘરેલુ પરિસ્થિતિ સંયમીત રહેતી.

**સ્થાવર જંગમ બાબતો** : માર્ચથી જૂન માસ દરમ્યાન સ્થળાંતક-ઈન્ટીરીયર ફેરફાર અંગે યોગો થાય છે. રીડેવલેપમેન્ટ-રીનોવેશન અંગેના કામકાજો પણ થઈ શકે છે. વ્યવહારો માટે જૂનુવાહન કાઢી નવું લેવું હોય તો પણ શક્ય થાય છે. ભાગીદાર-જીવનસાથીના નામે લીધેલપં વાહન સતત વપરાશમાં રહેતું જોવાય. ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન ખરીદી કરેલું વાહન નુકશાની વાળું મળી શકે છે. ખરીદી મોકુફ રાખવી જરૂરી થાય છે. ડિસેમ્બર જાન્યુઆરીમાં ખરીદ કરાયેલી કિંમતી વસ્તુ નકલી ન હોય તેની ખાત્રી કરીનેજ લેવી હિતકર થાય. ઓગસ્ટ સપ્ટેમ્બર માસમાં ખરીદીમાં કુફ રાખવાથી બનાવટ ભેળસેળ વાળી વસ્તુથી બચાવ થઈ શકશે.

**સંતાનો બાબતે** : સંતાનોના સ્વાસ્થ્ય અંગેની સંભાળ લેવી જરૂરી થાય છે. પિત્ત વાયુની તકલીફોથી સાવધાની વર્તવી અત્યંત જરૂરી થાય છે. એપ્રીલ મેમાં ગરમીના પ્રકોપથી સંતાનોને સંભાળવું જરૂરી થાય છે. અભ્યાસમાં સારી પ્રગતી થતી જોવાય છે. પરદેશ ગમનની શક્યતા અંગે પણ સફાર નિર્ણ? લઈ શકશો. વ્યવસાય-વિવાદના પ્રશ્નો પણ ઉકેલાઈ શકે છે. સંતાનોના સહાસ-સટ્ટાના વાયદાના કામો થકી તકલીફો ન થાય તે જોવું પડે.

**વિદ્યાર્થીઓ બાબતે** : વર્ગ આગળ વધવા તથા પ્રગતી માટે અગત્યનું છે. વ્યવસ્થિત અભ્યાસ અને નિર્ણયો લેવાથી આગળ પણ સારી સફળતા મળી રહેતી જોવાય. ચિંતા-હતાશા-નિરાશા દૂર કરી વધારે મહેનત કરી લેવી જરૂરી થાય છે. સફળતા મહેનત અને જન્મના ગ્રહોના સાથ સહકારથી મળી રહેતી જોવાય છે. વિદેશ ગમન અંગેની શક્યતા પણ થઈ શકે છે. હરીફો અને હિતશત્રુઓથી અંતર રાખવું જરૂરી થાય.

**મહિલાઓ અંગે :** અસલી મીજાઝમાં પાછાઆવી જવાની શક્યતા વર્ષની શરૂઆતથી જોવાય છે. ચંચળતામાં વધારો થઈ શકે છે. રાજકીય-સામાજીક પ્રતિષ્ઠા સાથે આવક પણ મળતી રહેતી જોવાય છે. હતાશા-નિરાશા-થાકનો અનુભવ તથા પિત્ત-વાયુ પ્રકોપોને સંયમ નિયમથી ઓછા કરવા પુરતા પ્રયત્નો કરી લેવા! કૌટુંબીક સહકાર અને એખલાસ જળવાઈ રહેતા ઘરેલું મોરચે પ્રમાણમાં ઘણી રાહતનો અનુભવ થઈ શકે છે. વિવાહ અંગેના નિર્ણયોમાં સફળતા મળી રહે સ્થાન સંપત્તીમાં મરમ્મત અને ફેરફાર કરવા હોય તો તેમાં સફળતા મળી રહે છે. ભણતરમાં આગલા વર્ષે તકલીફો ન થાય તે માટે વર્ષ દરમ્યાન મહેનત દ્વારા સારી સફળતા મેળવવા પ્રયાસો કરી લેવા જરૂરી થાય છે.



જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧
Email : prakasjoshi@gmail.com

# વાર્ષિક રાશી ભવિષ્ય

**વૃશ્ચિક (ન,ય) :**

**આરોગ્ય બાબાતો અંગે :** વર્ષની શરૂઆતમાં સ્વાસ્થ્ય બાબતે પેટની ગરબડ થોડી સમસ્યા ઊભી કરી શકે છે. નવેમ્બર મધ્ય સુધી ગુસ્સો પણ ઘણો રહેતો જોવાય. કંટ્રોલ કરવો અત્યંત જરૂરી છે. અન્યથા સ્વાસ્થ્ય અંગે ખાના ખરાબીની ઘણી મોટી કિંમત ચુકવવી પડે. અન્યથા આખું વર્ષ સારૂ રહેતું જોવાય છે.

**આર્થિક બાબાતો અંગે :** વર્ષના અંતીમ સમય સુધી આવક-રળતર થઈ શકે છે. છતાં ખર્ચાઓ રહેવા બચતઅંગેની સંભાવના ઓછી રહેતી જોવાય. રોકડ તરફ માનસીક દ્રષ્ટીએ ખેંચાણ વધારે રહે. મકરસંક્રાંત સુધીમાં બદલી બઢતી મળી શકે છે. કામકાજમાં સફળતા મળતાં સાહસમાં વૃદ્ધી થઈ શકે છે. કરેલા કામોનું ફળ આગળ પણ સારુ મળી શકે છે. સહાયકો અને અન્યોની દ્રષ્ટી તમારા નાણાં પણ વધારે રહેતી જોવાય. હાથસફાઈ અને વસ્તુના બનવું આવ પણ તમારી ઉપર ગાલી શકે છે. ગ્રહણ સમયે તે અંગેની સાવધાની વર્તવી જરૂરી થાય છે. માર્ચ મહિના બાદ કામકાજ વધારવામાં સાહસ કરવાની પ્રેરણા મળી શકે છે. ફેબ્રુઆરી, માર્ચ દરમ્યાન ઘણાસમયથી રોકાયેલા નાણાં છુટા થતાં રાહત મળી શકે છે. વિદેશ-મથક-દેશાવરમાંથી છુટા થયેલા નાણાં સાહસ-સટ્ટા-વાયદામાં રોકતા પહેલા ફસામણી ન થાય તે અંગે સાચવવું જરૂરી થાય. વર્ષની છેલ્લી છેલ્લી સ્થિતિમાં નાણાં અને અટલાયેલા પલટા થકી પરિસ્થિતિમાં સુધારો થઈ શકે છે. સંતાનોની નિષ્ઠાના કામ દ્વારા નાણાં રાહત મળી છે.



**કૌટુંબીક બાબાતો અંગે :** કૌટિંબીક ખટપટો અને વાણીના દુરોપયોગ થકી સંબંધોમાં ખટરાગ ઉભી થવાની અને સંબંધો કરાઈ જવાસુધીની પરિસ્થિતિ ઉભી થઈ શકે છે. ગોચરના ગ્રહો દ્વારા રાહ મળી શકે છે. છતાં બૌધીક બાબતોની વાતોમાં અન્યોની પણ સાંભળવી અત્યંત જરૂરી છે. ભ્રાતૃવર્ગ થોડી શંકાશીલતામાં રહેતો જોવાય છે. છતાં ભ્રાતૃવર્ગનો સાથ સહકાર મળી રહે કૌટુંબીક એખ-સ જળવાઈ રહે છે. ભ્રાતૃવર્ગને અભ્યાસમાં પ્રગતી મળી શકે છે. બહેનો યોગ્ય ઉંમરમાં હોય તો લગ્ન યોગ થઈ શકે છે. ભ્રાતૃવર્ગના કૌટુંબીક પ્રશ્ને અડચણ ઉભી થઈ શકે છે. માતાની સ્થિતિ એકંદરે સારી રહેતી જોવાય છે. વિ.આર.એસ. અથવા રીટાયર થવાની સંભાવના પણ થઈ શકે છે. સંતાનોનું સ્વાસ્થ્ય સારૂ રહેતું જોવાય. અભ્યાસમાં પ્રગતી વ્યવસાયમાં નોકરીમાં પરિસ્થિતિ સારી રહેતી જોવાય. લગ્ન યોગ થઈ શકે છે. સંતાનોએ મીત્રવર્ગથી સંભાળવું પડે. સપ્ટેમ્બરમાંસ પછી જીવનસાથીના સ્વાસ્થ્ય અંગે પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. પૈત્રુક સંપત્તીમાં ફેરફાર કરવા માટે માર્ચથી જુનસુધીનો સમય સારો ગણી શકાય.

**સ્થાવર જંગમ બાબતો :** જાન્યુઆરી માસ સુધી સ્થાવરમાં ફેરફાર શક્ય થાય છે. ડિસેમ્બર-જાન્યુઆરી માસ દરમ્યાન સ્થાન અને દસ્તાવેજી ચકાસણી કર્યા પછી આગળ વધવું હિતકર થાય. અન્યથા ફસમણી થવાની પુરી શક્યતા રહેતી જોવાય રીપેરીંગ કામમાં થયો. કરતાં ખર્ચ વધારે થતો જોવાય છે. વાહન અંગની ખરીદી થઈ શકે છે. કિંમતી વસ્તુ હિરા-જવેરાત-દર-દાગીના અંગે ઈમીટેશન જવેલરીની ખરીદી થઈ શકે છે. ડિસેમ્બર જાન્યુઆરી માસ દરમ્યાન ખરીદીમાં બનાવટ અંગે સાવધાની વર્તવી જરૂરી છે.

**સંતાનો બાબતે :** સંતાનો અંગે વર્ષ આશાસ્પદ ગણી શકાય. અભ્યાસમાં પ્રગતી થઈ શકે છે. રીઝલ્ટ ઓરીયોન્ટેડ વધારે રહેતી જણાય. કામકાજ સારૂ કરી શકે છે. નજર લાગવાથી બચવું અત્યંત જરૂરી છે. તેમણે ખરીદીમાં સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. સટ્ટા-સાહસ અંગે સાચવવું અત્યંત જરૂરી છે. મિત્રો-સહયોગી પર વધારે વિશ્વાસ રાખવો વિશ્વાસઘાતમાં પરીણામી શકે છે. સાવધાની વર્તવી.

**વિદ્યાર્થીઓ બાબતે :** વિદ્યાઅભ્યાસમાં સાવધાની અને નિયમીતતા ઘણી રાખવી અત્યંત જરૂરી છે. રીઝલ્ટ પરીક્ષાઓમાં નકારાત્મક પરિણામ ન આવે તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી થાય છે. માર્ચ મહિના બાદ રાહત મલી શકે છે. અગમચેતી અને આગોતરી તૈયારી સારૂપરીણામ અપાવી શકે છે.

**મહિલાઓ અંગે :** જાન્યુઆરી માસ સુધી બધી વસ્તુઓ સાથે સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવું જરૂરી થાય છે. ચમેરોગ-ગળાના પ્રશ્નો રક્ત શુદ્ધી અંગે પણ પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. વર્ષ જેમ-જેમ સમય-પસાર થતા પરિસ્થિતિ અંકુશમાં આવી શકે છે. ભ્રાતૃવર્ગ સાથે વધારે સંકળાવાનું થાય અભ્યાસમાં સારા પરિણામ જીંદગીમાં પરિવર્તન લાવી શકે છે. ધાર્મિકવૃત્તી વધે પ્રવાસ અંગેના યોગો થઈ શકે છે. સંતાન પ્રાપ્તી પણ સંભળી શકે છે. મિત્રો અને તેમના લાગતા વળગતાઓથી સાવચેત રહેવું અત્યંત જરૂરી થાય છે. બનાવટ અને બદનામી થવી શક્ય થાય છે. વાણીવર્તનમાં સંભાળ રાખી વર્ષમાં સારા પરીણામો પ્રાપ્ત કરવામાં સાહ્ય મેળવી શકાય છે. ઈષ્ટની આરાધના દ્વારા વધારે સારા પરીણામો પ્રાપ્ત કરવાના પુરતા પ્રયાસો કરવા જરૂરી છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :**

**આરોગ્ય બાબાતો અંગે :** માનસીક શારીરિત અટચણો વધારે રહેતી જોવાય માનસીક મુંઝવણો અને ચિંતા જનક વાતાવરણ વચ્ચે વિચાર વમળમાં ફસાયેલા રાખે, કોઈપ્રકારનું બંધન અનુભવ થાય, ગુરૂ બદલતા તેમાં ફેરફાર જરૂર થાય છતાં માનસીક રીતે તેમાંથી બહાર નીકળવામાં સમય વધારે લાગે ઘનેશ શનિ બદલાતાં વધારે સારી પરિસ્થિતિ અનુભવાય. માર્ચ મહિનામાં મારણ-ઉચ્ચાટન માંત્રીક-તાંત્રીક વસ્તુની વધારે અસર થતી અનુભવાય સ્વાસ્થ્ય અંગે સંભાળવું જરૂરી થાય. હૃદય અંગેની સમસ્યા અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી થાય. બ્લડપ્રેસરમાં પણ ફેરફાર આવી શકે છે. વાયરલ ઈન્ફેક્શનથી પણ સંભાળવું જરૂરી છે. ઋતુપરિવર્તન સમયે સ્વાસ્થ્યની ખાસ સંભાળ લેવી હિતકારક રહે.

**આર્થિક બાબાતો અંગે :** નાણાંતંગી જાન્યુઆરી મહિના સુધી વધારે રહે કામકાજો ચાલે અથવા નાવશરૂ કરવા હોય તો કરી શકાશે. માર્ચ-જૂન સુધી બદલી બઢતી અંગેના લાભ મળી શકે છે. કૌટુંબીક મીલનની શક્યતા વધારે રહે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પૈસાની ઉચાપત ન થાય તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. લેવડ દેવડ સીમીત કરવા જરૂરી છે. માર્ચથી જૂન માસ સુધી ઘરખર્ચમાં વધારે નાણાં વાપરવા જરૂરી થાય. સટ્ટા-સાહસમાં કામમાં તારવણી થકી નફો સારો મળી શકે. વર્ષના અંત સુધી કરેલા રોકાણો દ્વારા સારો લાભ મેળવી શકાશે. બે એક વખત સંપત્તીમાંથી લાભ લેવાના પ્રસંગો અને તક ઉભી થાય. સંતાનો કામકાજ દ્વારા સારો લાભ મેળવી શકે છે. માતા-પીતાને આર્થીક લાભ મળી રહેતો જોવાય.



**કૌટુંબીક બાબાતો અંગે :** લાગણીની માત્રા અધીક રહેતી જોવાય. કૌટુંબીક સહકાર અને એકતા અંગે જુનમહિના સુધી મળી રહેતો જોવાય. ભ્રાતૃવર્ગ પોતાની પ્રવૃત્તીઓમાં વધારે રહેતા જોવાય. વધારે પડતા સ્વકેન્દ્રી રહેતા જોવાય મિત્રો સાથે વધારે સમય ગાળતાં જોવાય. તેમને મુસાફરી યાત્રાના યોગો સારા પ્રમાણામાં રહેતા જણાય, તેમને લગ્ન-ભાગીદારીના પણ યોગ થતાં જોવાય. પરિણીત હોય તો શુભ સમાચાર મળી શકે છે. વર્ષના અંતસમયે તેમની વૃત્તી કળવી મુશ્કેલ જણાય. માતા સાથે સંબંધો સારા રહે અને તેમનું સ્વાસ્થ્ય સારૂ રહેતુ જણાય કલચીત સાંભળવાનું થઈ શકે છે. સમય પસાર થતાં સંતાનોનું સ્વાસ્થ્ય સારૂ થતું જાય. ઉપની વસ્તુ, તંત્ર-મંત્રની અસર અંગે તેમની સાર-સંભાળ રાખવી જરૂરી થાય. અભ્યાસમાં વધારે ધ્યાન આપવું પડે સંતાનો અંગે શુભ પ્રસંગો અંગે ખર્ચાઓ કરવા પડે. જીવનસાથીને કામ મળી રહે. સંબંધોમાં ધીમો સુધારો આવી શકે છે. પૈત્રુક સંપત્તીમાં ફેરફાર અંગે સમસ્યા ઉભી ન થાય તે અંગે જોવું પડે.

**સ્થાવર જંગમ બાબતો :** સંપત્તી બાબતે લાગણીનું પ્રમાણ શરૂઆતમાં વધારે રહેતું જોવાય છે. જાન્યુઆરી મહિનાથી ભાગ્યનો સાથ મળી શકે છે. દસ્તાવેજી અને ભુમીપરીક્ષણ અંગે પુરતી ચકાસણી કરીને જ આગળ વધવું જરૂરી છે માતાની સંપત્તીમાં ફેરફાર શક્ય થાય છે. પિતાએ ફેરફાર કરવો હોય તો કરી શકશે. જાન્યુઆરી બાદ સંતાનો સંપત્તી ખરીદી શકે છે. વાહન ખરીદી શકાય તેમ છે. જાન્યુઆરીમાં યોગ થઈ શકે છે. જુન-જુલાઈમાં કિંમતી વસ્તુ દર-દાગીના, જર-જવેરાતની ખરીદી મોકુફ રાખવી હિતકારક થાય. એકંદરે સ્થાવર બાબતે વર્ષ સારૂ પરીણામ આપી જઈ શકે છે.

**સંતાનો બાબતે :** અભ્યાસ કરતાં સંતાનોની સ્વાસ્થ્ય સ્થિતિ માટે વધારે સંભવ રાખવી પડે. આત્મવિશ્વાસ ટકાવી રાખવા સાથ સહકાર વધારે આપવો જરૂરી થાય સ્વાચ્છોસ્વાસની તકલીફો અંગે ખાસ ધ્યાન આપવું જરૂરી છે. વાયરલ ઈન્ફેક્શન અંગે પણ સંભાળવું પડે. અભ્યાસમાં સફળતા મળી રહે છે. પરંતુ મંત્ર-તંત્ર વગેરેથી બચાવ કરવા પુરતા ઉપાયો કરવા જરૂરી છે. મિત્રો-શુભેચ્છકો-સહયોગીઓનો સાથ સારો મળી રહેતો જોવાય છે.

**વિદ્યાર્થીઓ બાબતે :** જાન્યુઆરી મહિના સુધી વધારે મહેનત કરવી પડે ત્યાર બાદ પરિસ્થિતિમાં સુધારો આવતો જાય. ડિસેમ્બર માસથી પ્રોત્સાહક વાતવરણ મળી રહે છે. મિત્રો સાથે સંકળાવવાનું વધારે થાય. છતાં પોતાની તૈયારી પુરતી કરવા રહેવું અત્યંત જરૂરી છે. પરીક્ષા સમયે માનસીક ડરનું પ્રમાણ સંયમમાં રાખવા પ્રયાસ કરવા તથા હતાશા-નિરાશા દુર કરવા પ્રયત્નો કરવા જરૂરી છે. ભાષા અને મૌખીક પરીક્ષા અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

**મહિલાઓ અંગે :** જાન્યુઆરીથી પનોતીનો છેલ્લે તબક્કો ચાલુ થાય છે. ધીરે ધીરે પરિસ્થિતિ સુધરતી જાય અને પ્રગતી થતી જોવાય. ડિસેમ્બર મહિનાથી ફેરફાર આવવા ચાલુ થાય અને માનસીક અને વૈચારીક બંધનોથી છુટકારો મળી રહે. વર્ષના અંત સમયે નવરાત્રીમાં ઉપરની હવા-માંત્રીક-તાંત્રીક-મારણ-ત્રાટક-ઉચ્ચાટન અંગે સંભાળવું ખાસ જરૂરી થાય છે. મિત્રો અને તેમા પણ ખાસ ગણી શકાય તેવા મિત્રો થકી વધારે સાચવવાથી આપ-આરોપીથી બચવું જરૂરી થાય. ભારરૂપી સમસ્યાઓમાંથી ધીરે ધીરે છુટકારો મળતો રહેવાથી વર્ષવા અંત સમયે સારી પરિસ્થિતિમાં વર્ષ પસાર થઈ ગાયોન આનંદ પ્રાપ્ત કરી શકાશે ઈષ્ટની આરાધના ફળદાયી રહેતી જોવાય.



જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧
Email : prakasjoshi@gmail.com

# વાર્ષિક રાશી ભવિષ્ય

## મકર (ખ,જ) :

**આરોગ્ય બાબાતો અંગે :** આખુ વર્ષ વાયુપ્રકોપ રહે તેવી શક્યતા રહે છે. વાયુવિકાર અંગે પુરતા ઈલાજો કરી લેવા જરૂરી છે. વર્ષની શરૂઆતથી આંખ અંગેની સમસ્યા અંગે જાન્યુઆરી માસ સુધી અને ખાસ કરી મકરસંક્રાતી સુધી ઓપરેશન ટાળવું જરૂરી છે. શરીરની સંભાળ રાખવા પિત્ત-વાયુ-કફની સમસ્યા વધે નહી અને રક્તની શુદ્ધતા પર અસર ન કરે તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

**આર્થિક બાબાતો અંગે** : જાન્યુઆરી માસ સુધી વ્યવસાય-નોકરીઅંગે અન્ય સ્થળે મળી રહેવાની શક્યતાા છે. ચાલુ વ્યવસાય-નોકરી અંગે પણ બઢતી-બદલીની શક્યતા વધારે રહે છે. ડિસેમ્બર જાન્યુઆરી માસ દરમ્યાન કામના સ્થળે ગંભીર આરોપનો સામનો કરવો પડી શકે છે. માર્ચ એપ્રીલ માસમાં ગબન-ચીલઝડપ-ખીસ્સુ કરવાથી નાણાં હાથમાંથી વહીજવા અંગે સંભાળવું અત્યંત જરૂરી છે. શરૂઆતના મહિનાઓમાં સાહસ-સટ્ટામાં પુરતી ગણતરી રાખી કામકરવું અત્યંત જરૂરી છે. કરેલા કામોનું વળતર પુરતું મળી રહે. ફેબ્રુઆરી માસથી એપ્રીલ દરમ્યાન રોકડ હાથ નીચેના વ્યક્તિઓ અને નોકરો રફેદફે ન કરે તે અંગે સંભાળવું પડે. મે મહિનામાં કરેલા સાહસ-સટ્ટા દ્વારા સારી આવક થઈ શકે છે. સપ્ટેમ્બર મહિનાથી મંદીની અસર વધારે રહેતી જોવાય. છતા પણ વર્ષના અંતસુધી કામકાજોમાં વાંધો આવતો જણાતો નથી. માર્ચ-જુન દરમ્યાન બદલી બઢતી અંગેની તકો મળી રહે તેમ છે.



**કૌટુંબીક બાબતો અંગે** : ભ્રાતૃવર્ગ અને કૌટુંબીક લાગણીમાં જાન્યુઆરી મહિનાથી ફેરફાર થતાં જોવાય. તેમને દરેક ક્ષેત્રમાં પ્રગતી મળતી જોવાય. વ્યવસાયી-નોકરીયાતને બદલી-બઢતી મળી શકે છે. જીવનસાથી-ભાગીદાર અંગેના પ્રશ્નો ઉકેલાય. છતાં પણ તેમની આંતરીક લાગણી કરવી મુશ્કેલ રહે. માતાનુ સ્વાસ્થ્ય સારૂ રહેતું જોવાય. ભાગ્યનો સાથ સારો મળી શકે સંપત્તી અંગેના ફેરફારો શક્ય થાય. સુભેચ્છક અને મિત્રોની સહાય દ્વારા પ્રશ્નો ઉકેલાય. સંતાનોનું મોજ-મજા તરફનું વલણ રહેતુ જોવાય. વાણી વર્તન દ્વારા વૈમનસ્યો ઉભા ન કરે તે અંગે સાચવવું અભ્યાસ કરતાં ઈતર પ્રવૃત્તી તરફ વધારે ધ્યાન આપના જોવાય. જીવનસાથી સાથે મતભેદ વધે નહીં તે અંગે સંભાળવું. પિતા અને મોટાભાઈ બહેનો પોતાની પ્રવૃત્તીઓમાં મસ્ત રહેતા જોવાય. સામાન્ય રીતે જે પ્રમાણેના વ્યવહારો ચાલતા હોય તે પ્રમાણે ચલાવવા પ્રયત્નો કરતાં રહેવું હિતકારક રહે.

**સ્થાવર જંગમ બાબતો** : અચાનક ફેરફાર કરવાની સ્થિત ઉપસ્થિત થાય જાન્યુઆરી બાદ સ્થાવર માંથી આવક ઉભી થઈ શકે છે. માનસીક મુંઝવણોનું પ્રમાણ વધારે રહેતું જોવાય. વાહન તથા કિંમતી વસ્તુ તથા ઝર ઝવેરાતની ખરીદીમાં ઈર્મીટેશન જ્વેલરીની ખરીદી આનંદ આપી જાય ખાસ કારણો અને જન્મના ગ્રહો ફેરફારનું સુચન કરતાં હશે તો જ સ્થાવરમાં ફેરફાર શક્ય થાય છે.

**સંતાનો બાબતે** : ભાગ્ય સુચીત હોય તો જ સંતાન પ્રામી થઈ શકે છે. સંતાનોની પ્રગતી થતી જોવાય. તેમની વાણી કૌટુંબીક શાંતી ડહોળી શકે છે. નીચલા વર્ગમાં અભ્યાસ કરતાં હોય તેમની દિશા-દોરની સ્થિતિ અનીશ્ચીત જણાય ઉચ્ચ અભ્યાસીઓ મહેનત દ્વારા સફળતા મેળવી શકે છે. ભાગ્યના જોરે વ્યવસાય-નોકરી મળી શકે છે. અન્યથા સ્થિતિ સ્થિર રહેતી જોવાય છે. અન્યો-મિત્રો-સહયોગી-શુભેચ્છકોની સહાય-પ્રમાણમાં ઓછી મળતી જોવાય છે.

**વિદ્યાર્થીઓ બાબતે** : મહેનતના પ્રમાણમાં આપેલી પરીણામ મળવુ મુશ્કેલ રહે છે. સારી સફળથી અને નિષ્ફળતાની વચ્ચે રહેવીનું થાય નિયમીત અભ્યાસ દ્વારા રાત્રીના ઉજાગરા ઓછા કરવા પર ધ્યાન આપવું જરૂરી છે. આત્મવિશ્વાસ મેળવવાના પ્રયત્નો અને પુરતી મહેનત દ્વારા ઈચ્છીત નહીં પણ સારૂ પરિણામ મેળવી શકાશે. મિત્રો-શુભેચ્છકોની સહાય અને સહકાર સાથે હિતશત્રુઓ અને અદેખા વ્યક્તિઓથી પરેશાની ભોગવવી પડે. વ્યવસાય નોકરી મળી રહે છે. પરદેશ ગમન અંગેની શક્યતા વર્ષ દરમ્યાન ઓછી જણાય છે.

**મહિલાઓ અંગે :** ઈષ્ટની આરાધના મનોબળ ટકાવી રાખવામાં સહાયક પુરાવાર થાય વાયુપ્રકોપ અને ફરતા વાની તકલીફો સાથે વિચાર વાયુની સ્થિતિ મુંજવણી અને સ્વાસ્થ્યના પ્રશ્નો ઉભા કરી શકે છે. પિત્ત-વાયુપ્રકૃતી વાળોઓએ પુરતા ઉપચાર અને ઈલાજો કરતાં રહેવું અત્યંત જરૂરી થાય. સંતાનોને વધારે સમય આપવો પડે. અજંપા ભરી સ્થિતિમાં થઈ પસાર થતાં દિશા શુન્યતા રહેતી જોવાય. અભ્યાસ કરતાં હોય તેમણે અભ્યાસ તરફ વધારે ધ્યાન આપવું હિતકર રહે. વ્યવસાય નોકરીમાં કામકાજ મળી રહે પરંતુ મકરસંક્રાત સુધી ખાસ ધ્યહત આપવું જરૂરી ચે. સ્થાન ફેર થવું શક્ય છે. ઋતુ પરિવર્તન સમયે વાયરલ ઈન્ફેક્શન અને અન્ય બાબતો અંગે સંભાળ લેવી જરૂરી થાય. અન્યો-શુભેચ્છકો-મિત્રોની સાહાયનું પ્રમાણ પ્રમાણમાં ઓછુ મળતું જણાય છે. સામાન્ય રીતે જેમ ચાલે છે. તેમ ચાલતું રહે વધારે મોટા ફેરફારો અપેલી થતાં નથી.

## કુંભ (ગ,સ,શ,ષ) :

**સ્વાસ્થ્ય બાબાતે :** પિત્ત અને વાયુ પ્રકોપ થકી સ્વાસ્થ્યને અસર ન થાય તે અંગે સાવધાની રાખવી. જાન્યુઆરી ફેબ્રુઆરીમાં પ્રવાસ દરમ્યાન લેવાતી જરૂરી દવા અને અન્ય દવાઓ સાથે રાખવી અત્યંત જરૂરી થાય છે. શકાતો અને અવિશ્વાસ રાખવા થકી વિચારવાયુ અને વધારે પડતા શ્રમની અસરો ઠળવું મુશ્કેલ જણાય છતાં પણ કોઈ મોટી તકલીફો ઉભી થતી જણાતી નથી.

**આર્થિક બાબાતો અંગે** : વર્ષ સામાન્ય રીતે મધ્યમ ગણી શકાય. બહાર ફરવાની પરિસ્થિ ઉપસ્થિત થતી જોવાય. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં નાણાં અંગેની સમસ્યા અથવા ગડબડ અંગે સંભાળવું અત્યંત જરૂરી થાય છે. સરકારી કામોમાં સાવચેતી રાખવી જરૂરી થાય. નાણાંકીય ગોલમાલ અથવા ચોરી-ચપાટી-ગબન અંગેના પ્રશ્ને જાન્યુઆરી ફેબ્રુઆરી માસમાં નોકરી-વ્યવસાય અંગે સંભાળવું અત્યંત જરૂરી છે. માર્ચ-જુનમાસ દરમ્યાન બદલી-બઢતી મળવી શક્ય થાય. ફેબ્રુઆરી માસ દરમ્યાન કામકાજો અંગે દૂર જવાનું થાય અને ચાલુ કામકાજો સીવાયના વધારાના કામો મળી શકે છે. મથક બનીર-વિદેશ વ્યાપારના કામકાજો થકી આવક વધારવા પ્રયત્નો કરવામાં જન્મના ગ્રહોના સાથ સથવારા થકી સફળતા મળી શકે છે. અનુકુળ સ્થિતિ લાભામણી હોય શકે છે. અને ઝડપથી તક ઝડપી લેવા થકી સાવધાની વતેવી નાણાંકીય હિસાબો વ્યવસ્થિત રાખવા જરૂરી છે. અન્યથા સરકારી ખાતાઓ ઘરસુધી આવી શકે છે. વર્ષના અંતસમયમાં ઉઘરાણી અને ફસાયેલા નાણાં અંગે યાત્રા-પ્રવાસ વધારે થાય. મહેનતનું પ્રમાણ વધારે રહેતુ જોવાય.



**કૌટુંબીક બાબતો અંગે** : વર્ષની શરૂવાતથી સભ્યોનો સાથ સહકાર મળતો રહે અને આપના પણ રહેવું પડે પછીથી બધા પોત પોતાની પ્રવૃત્તીઓમાં રચ્યા પચ્યા રહેતા જોવાય. અનુજોની પ્રવૃત્તીઓમા કળવી મુશ્કેલ જણાય સ્વાસ્થ્ય બાબતે તકલીફોમાં ધીરે ધીરે સુધારો થતો જાય તેમને કામકાજ કરવા હશે તેમને મળી રહેશે. અભ્યાસમાં સારી પ્રગતી કરી શકે છે અને સારી સફળતા મળતી જોવાય. વ્યવસ્થી-નોકરીમાં સારી પ્રગતી કરી શકે છે અને સારી સફળતા મળતી જોવાય. વ્યવસાયી-નોકરીમાં બદલી બઢતી થવી શક્ય થઈ શકે છે. લગ્ન-ભાગીદારીનું સારુ પરીણામ અને સફળતા મેળવી શકે છે. માતાનું સ્વાસ્થ્ય સારુ રહેતું જોવાય. કવચીત સ્વસન તંત્રની તકલીફો આવી શકે છે. સંતાનોની પ્રવૃત્તી કળવી મુશ્કેલ રહે છતાં પ્રગતી અનુભવી શકાય તેમ છે. અન્ય પ્રવૃત્તી છોડી અભ્યાસ તરફ વધારે લક્ષ આપવું જરૂરી છે. જીવનસાથી-ભાગીદાર સાથે મતભેદો વધારે રહેતાં જોવાય. વર્ષ દરમ્યાન મળતા લાભોનું પ્રમાણ ઘટે, તેમના નામે રહેલી સંપત્તીમાં સપ્ટેમ્બર બાદ ઘટાડો થતો જોવા મળે. પીત્રુને બનાવટ યોગ થવા અંગે તેમની સાથે છેતરામણી થકીનાંણા સંપત્તી ઓછી થતી બચાવવા પ્રયત્નો કરવા જરૂરી છે.

**સ્થાવર જંગમ બાબતો** : માર્ચની જૂન સુધીનો સમય ફેરફાર કરવા જરૂરી હોય તો જરૂરી છે. ગુંચવાડા ઉભા ન થાય તે અંગે સાવધાની વર્તવી જરૂરી થાય. કામકાજો કરવાની પદ્ધતી ખોરવાઈ ન જાય તે અંગે ધ્યન રાખવું જરૂરી થાય દસ્તાવેજોમાં કામો માટે જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમ્યાન વધારે ધોડાધેડ કરવી જરૂરી થાય છે. ફેબ્રુઆરી માસ સારો ગણી શકાય. સંપત્તી ભાવ મામલે થોભો અને રાહ જોવી નીતી સારી કિંમત ધાતુની ખરીદીમાં બનાવટ ન થાય તે અંગે સાવચેત વર્તવી જરૂરી થાય.

**સંતાનો બાબતે** : સંતાન પ્રામીના યોગો સારા જણાય, સંતાનોના સ્વાસ્થ્ય અંગે સારુ રહે. અભ્યાસમાં પ્રગતી માટે થોડી સાર-સંભાળ રાખવી જરૂરી છે. વાદવિવાદ અને હરીફોની ચાલ અંગે સંભાળવું જરૂરી થાય છે. ધીરજીપૂર્વક અને સમય પસાર કરવા થકી પ્રશ્નો ઉકેલાય અને નોકરી ચાલુ હોય તો ચાલુ રાખવી અત્યંત જરૂરી છે.

**વિદ્યાર્થીઓ બાબતે** : અન્યોપર વધારે મદાર અને બેદરકારીથી દૂર રહી સ્વમહેનત પર ધ્યાન આપવું જરૂરી છે. મહેનત કરી ટકાવારી વધારવા પ્રયત્નો કરવા પડે.

**મહિલાઓ અંગે :** શંકા-કુશંકા વિચાર વમળથી વાયુ-પિત્ત પ્રકૃતીથી દૂર રહેવા પુરતા પ્રયત્નો કરવા જરૂરી થાય મહેનતનું પ્રમાણ વધારે રહે છે. આહાર-વિહાર પર પરહેજી પાળવી જરૂરી થાય છે. જીવનસાથીના સખાઓ સખીઓ વધારે પ્રમાણમાં રાજરમતો રમી પરિસ્થિતિ અનુસાર વૈમનસ્યો ઉભા કરવા પ્રયત્નો કરતાં જોવાય. વિવાદ અંગે ગમતું પાત્ર હોય તો આગળ વધવામાં ખચકાર વગર આગળ વધી શકાય તેમ છે. નાણાંકીય આવક એકંદરે સારી રહેતી જોવાય છે. ઈષ્ટની આરાધના તકલીફોમાંથી છુટકારો ન અપાવી શકે પણ રાહત જરૂરથી મેળીવ આપી શકે છે. તકલીફો વચ્ચે પ્રગતી કરવી પડશે.

# આસો માસના શુભ મુર્હૂતો

**અન્ય શુભ મુર્હૂત દિવસોઃ ઓક્ટો.ની તા. ૯, ૧૪, ૧૫**

## વાક્બારશ (વાઘ બારસ), ધનતેરસ

### લક્ષ્મીપૂજન (મહાલક્ષ્મીપૂજન) માટે ચોપડા લાવવા

**આશ્વિન વદ- ૧૨ઃ શુક્રવાર, તા. ૨૫-૧૦-૨૦૧૯**

ગૌવત્સ દ્વાદશી, ગુરુદ્વાદશી, યમદીપ દાન, ધન્વંતરી જયંતી, પ્રદોષ,ગૌ પૂજન, સારસ્વત, વિદ્વાનો, પંડિતો, કવિઓ, સાહિત્યકારો, કલાકારો, સંગીતશાસ્ત્રીઓના બહુમાનનો આજ રોજનો મહિમા છે. પ્રદોષકાળ વ્યાપીની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધનવંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ – રજત સિક્કા, આભૂષણ – રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર – લક્ષ્મીયંત્ર, રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે.

**મુર્હૂત સમય આ પ્રમાણે છે :** ● સવારે ક. ૦૬-૩૭ થી ક. ૦૮-૦૩ (ચલ) ● સવારે ક. ૦૮-૦૩ થી ક. ૦૯-૩૦ (લાભ) ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (અમૃત) ● બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૯ (શુભ) ● સાંજે ક. ૧૬-૪૨થી ક. ૧૮-૦૮ (ચલ) ● રાત્રે ક. ૨૧-૧૫થી ક. ૨૨-૫૦ (લાભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૨થી ક. ૨૫-૫૬ (તા.૨૬)(શુભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૭-૩૦ (તા.૨૬) (અમૃત)● મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૦ થી ક. ૨૯-૦૩ (તા. ૨૬) (ચલ)

**(નોંધ : તા.૨૧, ૨૨મી પુષ્ય નક્ષત્ર ને પ્રાધાન્ય આપેલ છે. આથી શુભાશુભ દિનશુદ્ધિનો ઉલ્લેખ દર્શાવ્યો નથી.)**

### ધનતેરસ પર્વના સ્થિર લગ્નો

● સવારે ક. ૦૮-૨૦ થી ક. ૧૦-૩૪ (વૃશ્ચિક) ● બપોરે ક. ૧૪-૩૦ થી ક. ૧૬-૦૭ (કુંભ) ● રાત્રે ક. ૧૯-૨૫ થી ક. ૨૧-૨૪ (વૃષભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૪ થી ક. ૨૮-૦૨ (તા. ૨૬) (સિંહ) ● પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૮) સમયે પવિત્ર ગોરજ સમયમાં

### કાળી ચૌદશ – (મહાકાલી-મહારાત્રિ)

**આશ્વિન વદ-૧૩, શનિવાર, ૨૬-૧૦-૨૦૧૯**

શિવરાત્રિ, ઉલ્કાદર્શન, ભદ્રા ક. ૧૫-૪૬થી ૨૬-૦૩, દીપદાન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, કાળી ચૌદશની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. (શનિવારની મધ્યરાત્રિ પછી (તા. ૨૭મી) સિંહ સ્થિર લગ્ન ક. ૨૫-૪૬ થી ક. ૨૭-૫૪, અનુષ્ઠાન, પૂજન માટે શ્રેષ્ઠ. મહાકાલી માતાની પૂજા, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન, ચંદ્ર ઉદય ક. ૦૪-૨૯

## દિવાળી મહાપર્વ-૨૦૭૫

### શ્રી શારદા પૂજન (ચોપડા), (મહાસરસ્વતી) પૂજન

**આશ્વિન વદ-૧૪, રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૯**

(ચિત્રા નક્ષત્ર મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬ સુધી (તા.૨૮) પછી સ્વાતિ) ચંદ્ર કન્યામાં સાંજે ક.૧૬.૩૧ સુધી, પછી તુલામાં) નરક ચતુર્દશી, ચંદ્રોદય ક. ૦૫.૩૦. દર્શ અમાસ, અભ્યંગ સ્નાન, લક્ષ્મી-કુબેર પૂજન, અન્વાધાન, કેદારગૌરી વ્રત (દક્ષિણ ભારત), મહાવીર નિર્વાણ દિન (જૈન). શહાદતે ઈમામ હસન (મુસ્લિમ), દીપોત્સવી પર્વ મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજા દ્વારા આવનારા વર્ષના વધામણાં લેવાનો પવિત્ર અવસર છે. માટે એપ્રિલથી માર્ચનું હિસાબી વર્ષ છતાંય કંપનીના, વ્યક્તિગત હિસાબના ચોપડા તથા ઉપયોગી વાંચનના પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટરનું પૂજન તથા સ્ટેશનરીનું પૂજન, ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં શાસ્ત્રોક્ત વિધિથી બ્રાહ્મણ દ્વારા અવશ્ય કરવું. પ્રદોષકાળ વ્યાપિની અમાસ હોવાથી મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજાનો મહિમા છે.

### ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છે

● સવારે ક. ૦૮-૦૪થી ક. ૦૯-૩૦ (ચલ) ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (લાભ) ● સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (અમૃત) ● બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૫ (શુભ) ● સાંજે ક. ૧૮-૦૭ થી ક. ૧૯-૪૧ (શુભ) ● રાત્રે ક. ૧૯-૪૧ થી ક. ૨૧-૧૫ (અમૃત) ● રાત્રે ક. ૨૧-૧૫થી રાત્રે ક. ૨૨-૪૮ (ચલ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૭-૩૦ તા. ૨૮મી (લાભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી ક.૩૦-૩૮તા.૨૮મી (શુભ) ● પ્રદોષકાળ સાંજે ક. ૧૮-૦૮ થી રાત્રે ક. ૧૯-૪૮ ● નિશિથકાળ મધ્યરાત્રે ક. ૨૩-૫૮ થી મધ્યરાત્રે ક.૨૪-૪૮.

### દિવાળી પર્વના સ્થિર લગ્નો

● સવારે ક. ૦૮-૧૨ થી ક. ૧૦-૨૬ (વૃશ્ચિક) ● બપોરે ક. ૧૪-૨૨ થી સાંજે ક. ૧૫-૫૯ (કુંભ) ● રાત્રે ક. ૧૯-૧૭ થી ક. ૨૧-૧૭ (વૃષભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૬ થી ક.૨૭-૫૪ (તા. ૨૮મી) (સિંહ) ● વૃષભ સ્થિર લગ્ન, સ્થિર કુંભ નવમાંશ રાત્રે ક. ૧૯-૨૯ થી ક. ૧૯-૪૨ ● વૃષભ સ્થિર લગ્ન વૃષભ સ્થિર નવમાંશ રાત્રે ક. ૨૦-૦૮થી ક. ૨૦-૨૧ ● વૃષભ સ્થિર લગ્ન સિંહ સ્થિર નવમાંશ ક. ૨૦-૪૮ થી ક. ૨૧-૦૨ ● સિંહ લગ્ન, વૃષભ સ્થિર નવમાંશ રવિવારની, મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૬-૧૦. (તા. ૨૮મી) ● સિંહ લગ્ન, સિંહ સ્થિર નવમાંશ રવિવારની, મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૯ થી ક. ૨૬-૫૩. (તા. ૨૮મી)

## નૂતન વર્ષાભિનંદન :

### સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૯, બેસતું વર્ષ

**સંવત ૨૦૭૬, ''વિરોધકૃત' નામ સંવત્સર પ્રારંભ, મહાવીર જૈન સંવત્સર ૨૫૪૬ શરૂ, દિવાળી પડવો**

આશ્વિન વદ-૩૦, સોમવારના રોજ નવું વરસ પ્રારંભાય છે. સોમવતી અમાસ સવારે ક. ૦૯-૦૮ સુધી. પ્રતિપદાનો ક્ષય છે. ગોવર્ધનપૂજા, ગૌક્રીડા, અભ્યંગ સ્નાન,, અન્નકૂટ, બલિપ્રતિપદા, કાર્તિક શુક્લાદિ, ઇષ્ટિ. સ્વાતિ નક્ષત્ર મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૨ સુધી (તા. ૨૯), પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિમાં.

### મિતિ નાખવી – કાંટો બાંધવો – નવા વર્ષનો વેપાર પ્રારંભ કરવો

**મુહૂર્તઃ** ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (શુભ) ● બપોરે ક. ૧૩-૪૮થી ક. ૧૫-૧૪ (ચલ) ● બપોરે ક. ૧૫-૧૪ થી ક. ૧૬-૪૦ (લાભ) ● સાંજે ક. ૧૬-૪૦ થી ક. ૧૮-૦૬ (અમૃત)

### લાભ પાંચમ-જૈન જ્ઞાન પાંચમ

**કાર્તિક સુદ-૫, સંવત ૨૦૭૬, શુક્રવાર, તા. ૦૧-૧૧-૨૦૧૯**

સૌભાગ્ય પાંચમ. પાંડવ પાંચમ, પંજાબ, હરિયાણા દિન. કુલાચાર પ્રમાણે આજ રોજ પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે.

● સવારે ક. ૦૬-૩૯ થી ક. ૦૮-૦૫ (ચલ) ● સવારે ક. ૦૮-૦૫ થી ક. ૦૯-૩૧ (લાભ) ● સવારે ક. ૦૯-૩૧થી સવારે ક. ૧૦-૫૬ (અમૃત) ● બપોરે ક. ૧૨-૨૨ થી સાંજે ક. ૧૩-૪૭ (શુભ) ● સાંજે ક. ૧૬-૩૮થી સાંજે ક. ૧૮-૦૭ (ચલ)

# ઈશ્વરલાલ ત્રિકમલાલ શાહ (બદડૂક)ની જીવન ઝરમર

નવરોજી લેનમાં આવેલા પરમકેશવબાગના ભૂતપૂર્વ ટ્રસ્ટ ઈશ્વરલાલ ત્રિકમલાલ શાહનું ૧૧ ઓક્ટોબરે ટૂંકી માંદગી બાદ ૯૪ વર્ષની ઉમરે મૃત્યુ થયું હતું. તેઓ મૃત્યુ પર્યંત સમાજના સતકાર્યોમાં લીન હતા.



ભાવનગરની બાજુમાં આવેલ બુધેલ ગામે તારીખ ૬ સપ્ટેમ્બર ૧૯૨૫ના રોજ જન્મ થયેલ. ભાઈઓમાં મોટા નાનપણમાં ૯ વર્ષની ઊંમરે પોતાની છત્રછાયા ગુમાવી જીવનનો નીવાર્હ કરવાને ઘરમા મોટાની જવાબદારી નીભવવા મુંબઈ નગર તરફ દોર મુકી અહીંયા ખારેક બજારમાં જુગલદાસ દામોદર મોદીની પેઢીમા નોકરીમાં રહી જીવનમાં નાની ઊંમરે અથાગ મહેનત કરતા સાઈડમાં ઓછી ઈન્કમના રૂપે ચાને ઘીનો વ્યવસાય ચાલુ કર્યો. પોતાની મહેનત અને વાકછટાથી ને જુગલદાદાના આર્શીવાદથી લોકસંપર્કમાં રહી વ્યવસ્થા વધારતા ગયા ને જુગલદાસ મોદીના પરિવારના દિકરા બચુભાઈ, મનુભાઈ, વીનુભાઈ મોદી સાથે સમાજલક્ષી કામોમાં ઓતપ્રોત થઈ મુંબઈ ગરા જ્ઞાતીમાં કમીટી મેમ્બરથી લઈ ટ્રસ્ટીની ભૂમિકા સતત ૨૦ થી ૨૫ વર્ષ નિભાવી. તેમજ ઘાટકોપરમાં ગોહીલવાડ દશાશ્રીમાળી વણીક મંડળમાં પરમ કેશવબાગના ફાઉન્ડર તરીકેની ભૂમિકા અદા કરતા સતત ૩૫ વર્ષ સુધી પરમ કેશવબાગના ટ્રસ્ટ મંડળમાં કાર્યરત રહ્યા તેમજ ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરમાં સતત કાર્ય સમિતીથી લઈ ટ્રસ્ટી મંડળમાં ૨૫ વર્ષ સુધી કાર્યરત રહ્યા. બદડૂક બંધુ મંડળમાં સતત ૫૦ વર્ષ સુધી ટ્રસ્ટીની ભૂમિકા અદા કરતા ભાવનગર ખાતે માતાજીના મઠની પ્રતિષ્ઠા કરાવી જલારામ મંદિર આગ્રા રોડના મુખ્ય સલાહકાર બની ૧૯૮૯થી આજ સુધી તેમના માર્ગદર્શન હેઠળ જલારામ જયંતિની આયોજન થતું આવ્યું હતું. તેમજ ઘણી નાની મોટી સંસ્થાઓમાં તેઓ પ્રમુખ સલાહકાર તરીકેની જવાબદારી નિભાવતા. તેમના કામોને બિરદાવી અલગ અલગ સંસ્થાઓએ તેમને અનેક એવોર્ડોથી નવાજ્યા હતા. તાજેતરમાંજ પં. દિનદયાલ ઉપાધ્યાય વિચાર પરિવાર તરફથી સામાજીક અને રાજકીય જીવનનો કામોથી પ્રભાવિત થઈ તેમને સન્માનીત કર્યા હતા.






# કાજલ'સ સહિયારી દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણી






કાજલ શેઠ દ્વારા સંચાલિત સહિયારી ગ્રુપ દ્વારા ગરબા રાસ શરદપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વૈશાલી રાસપુત્રા, રિદ્ધિ વોરા જજ તરીકે પધારેલ અને જીગીશા રાંભીયાના સુંદર ગીતોમાં સૌ ઝુમ્યા હતા. ડૉ.શ્વેતા સિન્હા દ્વારા ગીફ્ટ સ્પોન્સર કરવામાં આવી હતી.

# ઓઘડભાઈ વાડી મિત્ર મંડળ દ્વારા માતાનો ભંડારો






ઓઘડભાઈ લેન ઘાટકોપર(ઈ) ખાતે ઓઘડભાઈ વાડી મિત્ર મંડળ દ્વારા ૬ ઓક્ટોબરના સાંજે ઓઘડભાઈ વાડી ખાતે ભક્તોને પ્રસાદ માટે માતાનો ભંડારો યોજવામાં આવેલ જેમાં અનેક ભક્તોએ પધારી માતાનો પ્રસાદ લીધો હતો.

# ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભા બેઠક પર વોર્ડ અનુસાર મળેલ મતોની યાદી

| SR. NO | WARD NO. | TOTAL BOOTHS | AREA | TOTAL VOTERS | VOTES POLLED | VOTING % | PARAG SHAH BJP/SS VOTES | MANISHA SURYAVANSHI CONG. (I) VOTES | SATISH PAWAR MNS VOTES | VIKAS PAWAR VANCHIT BAHUJAN AGHADI | NOTA VOTE | BJP VOTE % | LEAD / DEFICIT OVER CONG (I) | LEAD / DEFICIT OVER MNS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | **125 (+1 Booth of Ward 118)** | **56** | Naidu Colony, Samata Colony, Transit camp, Railway Police Quarters, Kukreja, New Pantnagar, BEST Colony, Godrej Colony, Dalit Panther Nagar, Vikhroli Gaon, V.S.N.L. Quarters, Vikhroli H.I.G. Colony, Ramabai Nagar. | 49,207 | 25,311 | 51.44 | 11,234 | 3,342 | 5,665 | 3,348 | 684 | 44.38 | 7,892 | 5,569 |
| 2 | **130** | **34** | Ghatkopar (W), Cama Lane, Navroj Lane, Kirol, Khalai, Neelkanth Kingdom, Skyline Oasis, M.G. Road, Ghatkopar (W) Station Road, Hirachand Desai Marg, Khot Lane, C.G.S. Quarters, Nityanand Nagar, Garden Court, Neval Colony. | 37,185 | 19,373 | 52.10 | 11,783 | 3,158 | 2,750 | 760 | 512 | 60.82 | 8,625 | 9,033 |
| 3 | **131** | **51** | Pantnagar, Laxmi Baug, Laxmi Nagar, Patel Chowk, Raigad Chowk, H.I.G. Colony, Narkar Road, R.B. Mehta Marg, Tilak Road, M.G. Road, Vallabh Baug Lane, Bhanushali Lane, Derasar Lane, Hingwala Lane Jethabhai Lane, Khokani Lane, Upashray Lane, Jawahar Road, | 51,376 | 28,959 | 56.37 | 17,569 | 3,084 | 5,984 | 766 | 716 | 60.67 | 14,485 | 11,585 |
| 4 | **132** | **47** | Shanti Sudha Park, Garodia Nagar, Vallabh Baug Lane (Ext), Nath Pai Nagar, R.B. Mehta Marg, Tilak Road, M.G. Road, Ramji Ashar Lane, Oghadbhai Lane, Anandji Lane, Chittaranjan Nagar A,B,C,D Colony, Bhimnagar, Shivkrupa, Jawahar Nagar, Shastri Nagar, Mohan Nagar, Jayprakash Nagar, Vidyavihar M.I.G. Colony, Ambedkar Nagar No.1, Laxman Nagar | 47,072 | 25,690 | 54.58 | 21,166 | 1,835 | 1,302 | 236 | 793 | 82.39 | 19,331 | 19,864 |
| 5 | **133** | **45** | Kamraj Nagar, Netaji Nagar, Nalanda Nagar, Ramabai Nagar | 41,918 | 22,868 | 54.55 | 8,558 | 3,353 | 3,672 | 5,204 | 429 | 37.42 | 5,205 | 4,886 |
| 6 | **124** | **4** | Vikhroli Station Road, Kalpataru Aura, The Address (Wadhwa), Neelkanth Enclave, Presidential Tower | 5,419 | 3,074 | 56.73 | 2,372 | 413 | 100 | 16 | 127 | 77.16 | 1,959 | 2,272 |
| 7 | **126** | **2** | Nityanand Nagar, Adhoni Compound | 2,446 | 1,187 | 48.53 | 306 | 461 | 219 | 128 | 33 | 25.78 | -155 | 87 |
| | | | POSTAL VOTES | | 160 | | 66 | 22 | 49 | 17 | 3 | 41.25 | 44 | 17 |
| | **TOTAL** | **239** | **TOTAL** | **234,623** | **123,319** | **52.56** | **73,054** | **15,753** | **19,735** | **10,472** | **3,297** | **59.24** | **57,301** | **53,319** |

COMPILED & PREPARED BY VIKAS KAMAT, GEN. SEC., BJP, NORTH EAST MUMBAI DISTRICT

# સિદ્ધેશ્વર મહાદેવ મંદિર જગડુશા નગરમાં પ્રાણિક હિલીંગ કેમ્પ



સિદ્ધેશ્વર મહાદેવ મંદિર જગડુશા નગરમાં પ્રાણિક હિલીંગનો કેમ્પ તા.૧૦ ઓક્ટો. ગુરુવારના બપોરે ૧ થી ૬ દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૦ જેટલી મહિલાઓ જોડાઈ હતી એમ માહિતી આપતા રોહિણી વ્યાસએ જણાવ્યું હતું. પ્રતિમાબેન મરચન્ટ અને તેમની ટીમ એ ખુબ સુંદર આયોજન કર્યું હતું.

# પરાગ શાહના વિજય ક્ષણોની અવિસ્મરણીય તસ્વીરો















# સૌને દિવાળી તથા નવા વર્ષની શુભકામના

ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભાથી લોકચાહનાના શિખરો સર કરી
પ્રચંડ મતો મેળવી રેકોર્ડ બ્રેકીંગ જીત મેળવનાર

## લોકલાડિલા શ્રી પરાગભાઈ શાહને ઝળહળતા વિજયની શુભકામના

સહ ભવિષ્યના તમામ કાર્યોમાં ઉત્કૃષ્ટતાને મેળવો



-: શુભેચ્છક :-

PARASDHAM

# ભારતીય જનતા પાર્ટી

## ઘાટકોપર પૂર્વ વિધાનસભા

**સૌને દીપાવલી તેમજ નવા વર્ષની હાર્દિક શુભકામના**



વિકાસની નવી પરિભાષા
સ્પષ્ટ નીતિ, સ્વચ્છ પ્રતિભા,
પરિણામલક્ષી કાર્ય....

# પરાગ શાહ

**ઘાટકોપરના આંગણે...**

યુવા નેતૃત્વ, નવીન વિચાર ...નો
જવલંત વિજય ...

**અભિનંદન ! અભિનંદન !...**



**સર્વ કાર્યકર્તા, સહ બુથપ્રમુખ, મહિલા - યુવા બૂથ પ્રમુખ અને કાર્યકર્તાઓના, અથક પરિશ્રમ માટે ખૂબ ખૂબ આભાર... ધન્યવાદ.**

# શુભેચ્છક : વિદ્યુત કાજી

સામાન્ય કાર્યકર્તા - બૂથ પ્રમુખ ૧૧૯
શક્તિકેન્દ્ર પ્રમુખ ૧૧૨,૧૧૫,૧૧૬,૧૧૮,૧૧૯
સોશ્યિલ મીડિયા :- સંયોજક ઈશાન્ય મુંબઈ, સંયોજક મુંબઈ, સહ સંયોજક મહારાષ્ટ્ર

**-: કાર્યકર્તાઓ :-**

વિશેષ દવે, યતીન આશર, મિલન મહેતા, નયન સલોત, કિશોર વેદ, લલીત આશર, વર્ષા વરીયા, જયેન્દ્ર દેઢિયા, નેહલ કોઠારી, મનિષા શાહ, મયુરી જોશી, રાજુ પટેલ, પરેશ દેવાણી, શકુંતલા રાવલ, અરવિંદ શાહ, નેમલગિરી ગોસ્વામી


સૌને ધનતેરસ, દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છા
'વિધાનસભ્ય'
પરાગભાઈ શાહ
તથા રામભાઈ કદમને
ઘાટકોપરની વિધાનસભા બેઠકો
પરથી જીત મેળવવા બદલ
હાર્દિક શુભેચ્છા
શ્રી પરાગ શાહ
શ્રી રામ કદમ
શુભેચ્છક : શ્રી શૈલેષભાઈ શાહ (નાગેશ્વર)


ભારતીય જનતા પાર્ટી
ઘાટકોપર(વેસ્ટ) વિધાનસભા ક્ષેત્ર
ઘાટકોપરના રત્નો
ઝળક્યા મહારાષ્ટ્ર સ્તરે...
જીત એવી જેની ચર્ચા રાષ્ટ્ર સ્તરે...
આપણી સરકાર દેવેન્દ્ર સરકાર...
આપણા વડાપ્રધાન
નરેન્દ્ર મોદીની સરકાર...
શ્રી પરાગ શાહ
શ્રી રામ કદમ
વિધાનસભા ચૂંટણીમાં જીત બદલ હાર્દિક અભિનંદન
આપ સૌને ધનતેરસ,
દિવાળી તેમજ નવાવર્ષની શુભેચ્છા
શ્રી રવિભાઈ પુજ
મંડળ અધ્યક્ષ - ઘાટકોપર (વેસ્ટ)


The Byke
A HOTEL RETREAT
EAT GREEN • STAY EVERGREEN
દિવાળી બોનાન્ઝા
પ્યોર વેજ
દિવાળી ઉત્સવ ઉજવો અમારી સાથે
સ્પેશિયલ રેટ* માં
T&C APPLY
માથેરાન
ગોવા
મનાલી
ઉદયપુર
કોચી
કોવલમ
શિમલા
જયપુર
રિઝર્વેશન અને વિગતો માટે સંપર્ક: +91 80807 00999 +91 22 6707 9666
: reservations@thebyke.com
: www.thebyke.com
અમારી અન્ય હોટલો
માથેરાન | શિમલા | જયપુર | બેંગલૂરૂ | કોચી | જુનાગઢ | ગોવા | મનાલી | ઉદયપુર | ઠાણે | કોવલમ | બોરીવલી




Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**